આણંદ, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2017/73393

આણંદ

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 સહતંત્રી : ઉમંગ પંડ્યા - 99099 73771 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382 028 • Published : C/o. Vibhakar Pandya, 29, Alay Tenament, Nr. Tribhuvandas Foundation, At. Ta. Dist. Anand (GUJARAT) 388 001

• વર્ષ 2 • અંક 131 • દિનાંક 09-08-2018 • ગુરૂવાર • વિક્રમ સંવત 2074 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

# મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અન્વયે કુશળ કારીગરો તૈયાર કરાશે

(પ્રતિનિધિ)નડિયાદ,

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરશ્રી આઇ.કે.પટેલની અધ્યક્ષતામાં મુખ્યરમંત્રી એપ્રેન્ટી સ યોજના અન્વયે બેઠક યોજાઇ હતી. આ બેઠક દરમિયાન કલેક્ટરશ્રી આઇ.કે.પટેલે દરેક વિભાગના મહેકમ, ભરેલી જગ્યા અને ખાલી જગ્યાઇની વિગતો મેળવી નિયમોનુસાર ભરવાપાત્ર એપ્રેન્ટીસની ભરતી સમયસર કરવા સૂચના આપી હતી. ઔદ્યોગિક તાલીમ સંસ્થાત, પલાણાના આચાર્યશ્રી રાઠીએ જિલ્લામાં આ યોજના અન્વયે કરેલ કામગીરીની રૂપરેખા રજૂ કરી હતી તેમજ કયા કયા વિભાગો અને જિલ્લા માં આવેલ ઔદ્યોગિક એકમોમાં આવી જગ્યાઓ કઇ પધ્ધતિથી સરળતાથી ભરી શકાય તેમ છે તેની જાણકારી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એન.મોદી, નિવાસી અધિક કલેક્ટરશ્રી રમેશ મેરજા સહિત જિલ્લાની અન્ય કચેરીઓના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## ઓછાં વરસાદને લઇ સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

(પ્રતિનિધિ)ગાંધીનગર,

રાજ્યમાં ઓછાં વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈને ખેડૂતોને ભારે હાલાંકીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. જેથી ઓછા વરસાદને લઈને રાજય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારનાં આ નિર્ણય બાદ ૪૪ તાલુકાઓમાં સરકાર દ્વારા હવે ઘાસ આપવામાં આવશે. પશુ ઘાસચારા માટે ખેડૂતોને કાર્ડ આપવામાં આવશે. પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો જેટલું ઘાસ આપવામાં આવશે. ઘાસનો આ ખર્ચ રાજ્યનાં બજેટમાંથી જ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, રાજયમાં ચોમાસુ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ૨૧૫ તાલુકામાંથી ૪૪ તાલુકામાં ૧૨૫મિ.મીથી પણ ઓછો વરસાદ વરસ્યો છે. સિઝનમાં અત્યાર સુધીમાં ૫૪% જેટલો વરસાદ વરસ્યો છે. જે કારણોસર ઓછાં વરસાદને લઇને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે જેમાં ૪૪ જેટલાં તાલુકાઓમાં ગુજરાત સરકાર દ્વારા પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો ઘાસ આપવામાં આવશે. જ્યારે ઘાસ ૨ રૂપિયે ૧ કિલો આપવામાં આવશે.મહત્વનું છે કે ગુજરાતનાં ઘણા ખરાં વિસ્તારોમાં હળવો વરસાદ વરસ્યો.

## ચીને હાઈપરસોનિક વિમાનનું સફળતાપૂર્ણ પરીક્ષણ કર્યું

(એજન્સી) બીજિંગ,

ચીને સોમવારના રોજ જાહેરાત કરી છે કે તેણે પોતાના હાઇપરસોનિક વિમાનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. આ હાઇપરસોનિક વિમાન પરમાણુ હથિયાર લઇ જવામાં સક્ષમ તો છે જ સાથો સાથ કોઇપણ હાલની પેઢીની એન્ટી-મિસાઇલ ડિફેન્સ સિસ્ટમમાં પ્રવેશ કરી શકે છે. ચાઇના એકેડમી ઓફ એરોસ્પેસ એરોડાયનેમિક્સ (ઝછછછછ)એ એક નિવેદન રજૂ કરીને કહ્યું કે ઠેહર્પ્રાહક્ષ-૨ કે જીંટ્ઠાિઅ જીઅ-૨નું પરીક્ષણ ગયા સપ્તાહે શુક્રવારના રોજ કરાયું હતું.તેને રોકેટ દ્વારા લોન્ચ કરાયું અને અંદાજે ૧૦ મિનિટ બાદ હવામાં છોડી દેવામાં આવ્યું. તે ખુદ ઉડવામાં સક્ષમ હતું અને યોજનાના મતે નક્કી વિસ્તારમાં લેન્ડ થયું. આ હાઇપરસૉનિક એરક્રાફ્ટને ઝછછછછએ ચાઇના એરોસ્પેસ સાયન્સ એન્ડ ટેકનલોજી કોર્પોરેશનની સાથે મળી ડિઝાઇન કર્યું છે. જો કે હજુ સેનામાં તૈનાતીથી પહેલાં બીજા કેટલાંય પરીક્ષણ કરાશે. આ વિમાન પોતાના શૉક વેવ પર ચાલે છે. વેવરાઇડર કહેવાતા આ વિમાન પરીક્ષણ દરમ્યાન ૩૦ કિલોમીટર ઉંચાઇ સુધી પહોંચ્યું. નિષ્ણાતોના મતે એન્ટી-મિસાઇલ રક્ષા પ્રણાલીઓની હાલની જનરેશન મુખ્યત્વે ક્રૂઝ અને બેલેસ્ટિક મિસાઇલોને રોકવા માટે ડિઝાઇન કરાઇ છે. જેના અંગે ભાળ મેળવવી ધીમી કે સરળ છે અને તેના લીધે તેને રોકવું શકય છે. પરંતુ ચીનના નવા હાઇપરસૉનિક વિમાન એટલા ઝડપી ઉડે છે કે આ હાલની એન્ટી મિસાઇલ ડિફેન્સ પ્રણાલીઓ માટે પડકાર છે. નિષ્ણાતોના મતે વેવરાઇડરના કોઇપણ રોકેટથી લોન્ચ કરી શકાય છે. એટલું જ નહીં વેવરાઇડર પરમાણુ અને પારંપરિક હથિયાર બંને લઇ જવામાં સક્ષમ છે.નિષ્ણાતો કહે છે કે આ પરીક્ષણથી દેખાય છે કે ચીન હવે અમેરિકા અને રશિયાના તર્જ પર પોતાને વિકસિત કરી રહ્યું છે. સૈન્ય ઉપયોગ સિવાય તેનો સામાન્ય લોકો કે કામો માટે પણ ઉપયોગ કરી શકાય છે. ચીન જેને આ વર્ષે ૧૭૫ અબજ ડોલરનું રક્ષા બજેટ રજૂ કર્યું હતું, અમેરિકા, રૂસ અને યુરોપિયન સંઘથી બરાબરી માટે ડિફેન્સ રિસર્ચ અને ડેવલપમેન્ટમાં ખૂબ ખર્ચ કરી રહ્યું છે.

## વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૯ની તૈયારીઓ, સચિવોની વિદેશ યાત્રા શરુ

(પ્રતિનિધિ)ગાંધીનગર,

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વહીવટી તંત્રમાં ફેરફારો કર્યા બાદ તેમની સરકારને વાઈબ્રન્ટ મોડ પર લાવી દીધી છે. તો બીજી તરફ રાજ્ય સરકારના ઓફિસરો પણ વાઈબ્રન્ટને લઈને આખરી ઓપ આપી રહ્યા છે.ઉદ્યોગ વિભાગે બનાવેલી એડ્વાઈઝરી કમિટીનો રિપોર્ટ સબમીટ થયા પછી આવતા મહિને સનદી અધિકારીઓના વિદેશ પ્રવાસનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેમાં મુખ્ય મહેમાન બનીને આવવાના છે. તેવા વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ગુજરાત સરકારની જેમ ભારત સરકાર પણ સહભાગી બની રહી છે. કેન્દ્ર ઉદ્યોગ સાથે જોડાયેલા ૨૦થી વધુ ડિપાર્ટમેન્ટ ગુજરાતની વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી બન્યા છે.તો બીજી તરફ ગુજરાત સરકારના આઇ.એ.એસ ઓફિસરોની વિદેશ યાત્રા પણ શરૂ થઈ રહી છે .સચિવાલયના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આગામી સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામા વાઈબ્રન્ટ સંલગ્ન ફોરેન ટુર આયોજીત કરવામાં આવી છે. જેમાં સરકારના મહત્વના વિભાગો કે જેમને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ પરફોર્મન્સ આપવાનું છે. તેવા વિભાગના અધિકારીઓને રોડ શો માટે વિદેશયાત્રાએ મોકલવામાં આવશે.અને ત્યારબાદ ભારતના વિવિધ રાજ્યના પ્રવાસે મોકલવામાં આવશે.રાજ્ય સરકારના મહત્વના ઉદ્યોગ વિભાગે વિદેશ યાત્રા માટે વિશેષ એડવાઈઝર કમિટી બનાવી દીધી છે .આ કમિટીના ચીફ તરીકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી છે. જ્યારે અન્ય સભ્યોમાં મુખ્ય સચિવ અન્ય આઈ.એ.એસ ઓફિસર તેમજ કોર્પોરેટ જગતના બિઝનેસ લીડર્સ નો કરવામાં આવ્યો છે.તો બીજી તરફ વિશ્વના ૧૨૫થી વધુ દેશોને વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ કાર્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે .જે પૈકી મહત્વના ૨૫ દેશોમાં રાજ્યના ૨૪ જેટલા ઓફિસરો પ્રવાસ કરશે. મનાઈ રહ્યું છે કે ૨૦૧૭માં ૧૨ દેશો કન્ટ્રી પાર્ટનર હતા પરંતુ વર્ષ ૨૦૧૯ માં ૧૫ દેશોને કન્ટ્રી પાર્ટનર બનાવવામાં આવશે.

## પશુઓની અધતન સારવાર માટે વેટર્નરી પોલીટેકનીક સ્થપાશે

(પ્રતિનિધિ)મોરબી,

મોરબી જિલ્લામાં પશુપાલન વ્યવસાય એક સ્વતંત્ર વ્યવસાય તરિકે વિકસી રહયો છે.ગાયમાં ગીર જાત અને ભેસમાં જાફરાબાદી ઔલાદ ધરાવતો મોરબી જિલ્લો પશુપાલન ક્ષેત્રે આગવુ સ્થાન ધરાવે છે. સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ મહિલા દુધ ઉત્પાદન સંઘ તરિકે મયુર ડેરીની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામ કક્ષાએ પશુપાલન પ્રવૃતિને વેગ મળી રહયો છે. પશુઓની અધતન સારવાર થઇ શકે તે માટે રૂા ૪ કરોડના ખર્ચે સુવિધા સભર વેટર્નરી પોલીટેકનીક સંસ્થા ટૂંક સમયમાં આકાર પામશે. જેમાં પશુરોગ નિદાન, એક્સ-રે તેમજ સોનોગ્રાફી જેવી સવલતો ઉપલબ્ધ થશે. મોરબી જીલ્લા પંચાયત હસ્તક ૯ પશુ દવાખાના, ૩ શાખા દવાખાના, ૧૦ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર મળીને કુલ ૨૨ સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત પશુપાલન પ્રવૃતિ માટે જિલ્લામાં ૮ મોબાઇલ વાન કાર્યરત છે. જિલ્લામાં ગત વર્ષ દરમિયાન ૭૨૫૯૪ પશુઓની સારવાર, ૧ લાખ ૫૦ હજાર થી વધુ પશુઓનું રસીકરણ, ૭૭૬૨ પશુઓમાં કૃત્રિમ બીજદાનની કામગીરી થઇ હતી.

## આત્મા પ્રોજેક્ટ જામનગર દ્વારા ધ્રોલ તાલુકામાં થયેલ કિશાન ગોષ્ઠી

(પ્રતિનિધિ)જામનગર,

આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર એન.એ.કાલાવડીયાના માર્ગદર્શન હેઠળ ધ્રોલ તાલુકાના ૧૪૪ ખેડુતોની કિશાનગોષ્ઠી લૈયાળા ગામ ખાતે યોજાયેલી હતી. આ તાલીમમાંધ્રોલ વિસ્તરણ અધિકારીશ્રી(ખેતી) જે.કે.શિયાર દ્વારા ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ અને ખરીફ પાક અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તથા સીજન્તા કંપનીના મેનેજર સંદીપ પટેલ દ્વારા ચોમાસા પાકોમાં રોગ જીવાત નિયંત્રણ માટે લેવાની જરૂરી કાળજી વિશે તાલીમ આપેલી હતી. બી.એ.એસ.એફ. કંપનીના મેનેજર શ્રી કે.પી.બારડ દ્વારા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટેની માહિતી પુરી પાડવામાં આવેલ હતી. જૈન ઈરીગેશન કંપનીના શ્રી રાહુલભાઇ પરમાર દ્વારા સુક્ષ્મપિયત પધ્ધતિના ફાયદા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધ્રોલ તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજરશ્રી મુકેશ બારૈયા દ્વારા કરવામાં આવેલ હતુ.

### સાંસદે સદનમાં માગ કરતાં સૌ કોઈ હસવા લાગ્યા...!!

## ભાજપ સાંસદે પુરુષોના અધિકારના સંરક્ષણ માટે પુરુષ આયોગ બનાવવાની વાત કરી

(એજન્સી) ન્યુ દિલ્હી,

હાલના સમયે જયારે આખા વિશ્વમાં મહિલાના અધિકારોની માંગ બુલંદ છે ત્યારે ઉત્તર પ્રદેશના મઉ જિલ્લાની ઘોસી સંસદીય મત વિસ્તારના ભાજપ સાંસદ હરિનારાયણ રાજભરેએ શૂન્યકાળમાં સંસદમાં પુરુષોના અધિકારના સંરક્ષણ માટે પુરૂષ આયોગ બનાવવાની માંગનો મુદ્દો ઉઠાવ્યો હતો.સાંસદે કહ્યું કે વર્તમાન સમયમાં મહિલાઓ પણ પુરુષ પર અત્યાચાર કરી રહી છે. એવામાં પુરૂષોના હિતની સુરક્ષા માટે આયોગની રચનાની તાતી જરૂરિયાત છે. મહત્વનું છે કે, શુક્રવારે સાંસદે શૂન્યકાળમાં મહિલાઓના અત્યાચારથી પીડિત પુરૂષોની વ્યથાનો મુદ્દો ઉઠાવ્યો. સાંસદે મહિલા પીડિત પુરૂષોની સુનાવણી અને તેમને ન્યાય આપવા માટેના ઉદ્દેશ્ય હેઠળ આયોગની રચનાની માંગ કરી હતી. સાંસદે કહ્યું કે દેશભરમાં મોટી સંખ્યામાં એવા પુરૂષો પણ છે, જે મહિલા અત્યાચારનો ભોગ બન્યા છે. તેની કોઈ જગ્યાએ સુનાવણી થતી નથી.સાંસદે વધુમાં કહ્યું, મહિલા અત્યાચારની કલમ પર એકતરફી રીતે સુનાવણી થઈ રહીં છે. પુરૂષ ઘરથી લઈને પોતિના કાર્યસ્થળ સુધીમાં કેટલીક વખત મહિલાના અત્યાચારનો શિકાર બને છે. એવી સ્થિતિમાં દેશમાં પુરૂષ કમિશનની રચના કરવી જોઈએ. જેમાં પીડિત પુરૂષોની સુનાવણી થાય અને તેમને ન્યાય મળી શકે.દેશમાં જેવી રીતે મહિલા આયોગ, એસસી-એસટી આયોગ જેવા સંબંધિત પક્ષ અત્યાચાર સંબંધિત ફરિયાદોને સાંભળી તેમને ન્યાય પ્રદાન કરે છે. તેવીરીતે પુરૂષ આયોગ પણ પીડિત પુરૂષોની સુનાવણી કરે. સાંસદની વાતને સાંભળી બધા સાંસદો ગૃહમાં હસી પડ્યા. એટલુ જ નહીં, ગૃહમાં ઉપસ્થિત પાંચ મહિલા સાંસદ પણ પોતાના હાસ્યને રોકી શક્યા નહીં.

## જિલ્લા પાણી સમિતિનીરરમી બેઠક નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજેન્દ્ર સરવૈયાના અધ્યક્ષ સ્થાને યોજાઇ

(પ્રતિનિધિ)જામનગર,

જિલ્લા પાણી સમિતિ-૨૦૧૮ની ૨૨મી બેઠક જિલ્લા કલેકટર કચેરીના સભા ખંડમાં નિવાસી અધિક કલેકટરશ્રી રાજેન્દ્ર સરવૈયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં જામનગર શહેર નગરસીમ વિસ્તાર તથા જિલ્લાના તમામ તાલુકાઓમાં હાલની પીવાના પાણીની તથા ઘાસચારાની પરિસ્થિતિ અંગે સમિક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ સામાજીક વનીકરણ ઉપર ભાર મુકતા સંલગ્ન વિભાગોને વધુમાં વધુ વૃક્ષારોપણ તેમજ તેનો ઉછેર કરવા સુચિત કર્યા હતા. જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે સરેરાશ ૩૬.૭૫% વરસાદ પડેલ છે જેથી હાલમાં જામનગર જિલ્લાના તળાવો, ડેમો પાણીથી ભરાયા છે તેમાંથી જે તે વિસ્તારને પાણી પુરૂ પાડવા સંલગ્ન વિભાગને સુચનો કર્યા હતા તેમજ જિલ્લામાં આવેલ મહાનગરપાલીકા તેમજ નગરપાલીકા વિસ્તારમાં રિચાજ'ગની કામગીરી કરવા માર્ગદર્શન આપ્યુ હતુ.

### ૧૭ વર્ષ જૂના કેસની સુનાવણી કરતાં કોર્ટે આ વાત કહી

## પત્નીને જમવાનું બરાબર બનાવવાનું કહેવું દુર્વ્યવહાર ન કહેવાય : બોમ્બે હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ,

બોમ્બે હાઈકોર્ટના જણાવ્યા અનુસાર, પત્નીને જમવાનું બરાબર બનાવવાનું કહેવુ અને ઘરના કામ કરવાનું કહેવું દુર્વ્યવહાર ન કહેવાય. ૧૭ વર્ષ જૂના એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે આ વાત કહી હતી.સાંગલીમાં રહેતા યુવક અને તેના માતા-પિતાને કોર્ટે ૧૭ વર્ષ જૂના કેસમાં નિર્દોષ જાહેર કયર્ા હતા, જેમાં તેમના પર પત્નીને આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ફરિયાદી પક્ષનો દાવો હતો કે મહિલા સાથે દુર્વ્યવહાર થતો હોવાને કારણે તેણે ઝેર ખાઈ લીધુ હતું અને તેને શંકા પણ હતી કે તેના પતિના લગ્નેત્તર સંબંધો પણ છે.જસ્ટિસ સારંગ કોટવાલે જણાવ્યું કે, પત્નીને જમવાનું બરાબર બનાવવાનું કહેવું અથવા તો તેના ઘરનાં કામ યોગ્ય રીતે કરવાનું કહેવું એ દુર્વ્યવહાર નથી. આ સિવાય બીજા કોઈ એવા પુરાવા નથી જેની મદદથી આઈપીસીની કલમ ૪૯૮અ (હેરેસમેન્ટ) અને ૩૦૬(આત્મહત્યા માટે પ્રોત્સાહન આપવું) લગાવી શકાય. યુવકના અન્ય યુવતી સાથે સંબંધ હતા



તેના પણ કોઈ પુરાવા રજુ નથી થયા. ફરિયાદી પક્ષે પરિવારના અન્ય કોઈ સભ્ય સાથે વાતચીત નથી કરી જે આ બાબતે પ્રકાશ પાડી શકે. આ આરોપો શંકાના આધારે મુકવામાં આવ્યા છે.આરોપી વિજય શિંદે અને તેમના મૃતક પત્નીના લગ્ન ૧૯૯૮માં થયા હતા અને તેમને એક દીકરી પણ છે. યુવતીના મૃત્યુ પછી તેના દાદાએ ફરિયાદ કરી જેમાં તેમણે કહ્યું કે, તે ફરિયાદ કરતી હતી કે તેના પતિ અને સાસરી પક્ષના લોકો તેને જમવાનું બનાવવા અને ઘરકામ બાબતે સતત ધમકાવતા રહેતા હતા. જૂન ૫, ૨૦૧૧ના રોજ તેણે આત્મહત્યા કરી તેના થોડા કલાકો પહેલા જ તેના દાદા અને મામાનો દીકરો તેની સાસરીમાં ગયા હતા. તે સમયે પતિ-પત્ની વચ્ચે કોઈ બાબતે લડાઈ ચાલી રહી હતી. તેના દાદાએ બન્નેને શાંત કર્યા હતા પરંતુ મોડી સાંજે તેમને સમાચાર મળ્યા કે તેમની પૌત્રીએ ઝેર ખાઈ લીધું છે.

## સરકારી ઇજનેરી કોલેજ, કતપુર-પાટણ ખાતે "ફિનીશીગ સ્કુલ"નો કાર્યક્રમ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ)પાટણ,

સરકારી ઈજનેરી કોલેજ, કતપુર - પાટણ ખાતે ફિનીશીંગ સ્કુલ કોઓર્ડીનેટર શ્રી હાર્દિક રતિલાલ ત્રિવેદીદ્વારા અગાઉ ૩૮૬ કલાક નો "ફિનીશીગ સ્કુલ" નો કાર્યક્રમ યોજેલ અને જેને આગળ વધારતા આ વખતે તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ થી ૦૪ ઓગસ્ટ ૨૦૧૮ દરમ્યાન અન્ય કુલ ૧૦૦ કલાક નો "ફિનીશીગ સ્કુલ" પ્રોગ્રામમળી કુલ ૪૮૬ કલાક નો કાર્યક્રમ પુર્ણ કરેલ છે જેનો અત્યાર સુધીમાં આશરે ૨૬૯ જેટલા સંસ્થાના વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે. વિદ્યાર્થીના ટેકનીકલ અભ્યાસની સાથે તેમની સોફ્ટ સ્કીલ જેવી કે કોમ્યુનીકેશનસ્કીલ, મેનેજરીયલ સ્કીલ, ટીમ વર્ક, લીડરશીપ,પ્રેઝન્ટેશન સ્કીલ, સી.વી. પ્રીપેરેસન, મોક ઈન્ટરવ્યું, જેવી વિવિધ મહત્વની કુશળતાઓ પ્રોગ્રામ દરમિયાન આવરી લેવામાં આવી હતી. જે વિદ્યાર્થીના કેરીયર ડેવલોપમેન્ટમાટે ખુબજ અગત્યની પુરવાર થશે.કેસીજી દ્વારા નીમાયેલા આ વખતના ટ્રેનર્સ શ્રી આશિષ શાહઅનેશ્રી હિતેશ પટેલેઉપરની પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન આપેલ. તેઓએ વિધાર્થીઓને ઉપરોક્ત દરેક સ્કીલનું ઉંડાણપૂર્વક શિક્ષણ આપવામાં સફળ પ્રયત્ન કરેલ. તેમના પ્રેઝન્ટેશનને રસપ્રદ બનાવવા માટે યોગ્ય ઉદાહરણની સાથે સાથે રોજબરોજની ખબરોનું ગહન અભ્યાસ કરવો તેમજ બાયોડેટામાં આવરી લેવાના મુદ્દા અંગે વિદ્યાર્થીઓને યોગ્ય સમજણ આપેલ.

### ૨૭ ઓગષ્ટે કેસને સંવિધાન બેન્ચમાં મોકલવા પર નિર્ણય થશે

## જમ્મુ-કાશ્મીર : કલમ ૩૫છ પર સુપ્રીમ કોર્ટમાં સુનવણી ૨૭ ઓગસ્ટ સુધી ટળી

(એજન્સી) ન્યુ દિલ્હી,

જમ્મુ-કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપનાર આર્ટિકલ ૩૫છની વેલિડિટીને પડકારનાર અરજી પર સુપ્રીમ કોર્ટમાં સોમવારના રોજ સુનવણી ટળી ગઇ. ચીફ જસ્ટિસ દીપક મિશ્રાની બેન્ચે કહ્યું છે કે તેઓ આ મુદ્દા પર આજે સુનવણી કરી શકશે નહીં. કેસની આગળની સુનવણી હવે ૨૭મી ઑગસ્ટના રોજ થશે. આ દિવસે કોર્ટ આ કેસને સંવિધાન બેન્ચમાં મોકલવા પર નિર્ણય આપી શકે છે. આપને જણાવી દઇએ કે આર્ટિકલને ભેદભાવપૂર્ણ બતાવી દિલ્હીની એનજીઓ 'વી ધ સિટિઝન' એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે.ચીફ જસ્ટિસ મિશ્રા અને જસ્ટિસ એ.એમ.ખાનવિલકરે સુનવણી ટાળતા કહ્યું કે ત્રણ સભ્યની બેન્ચે એ નક્કી કરવાનું છે કે શું આ મુદ્દાને સુનવણી માટે પાંચ સભ્યોની બેન્ચને સ્થળાંતરિત કરવામાં આવે. એક જજ વી.આઇ.ચંદ્રચુડની રજાના લીધે બેન્ચે આ કેસ પર સુનવણી કરી નહીં.કોર્ટે કહ્યું કે આર્ટિકલ ૩૫છની વેલિડિટીને પડકારનાર અરજીની સુનવણી ૨૭મી ઑગસ્ટથી શરૂ થનારા સપ્તાહમાં ત્રણ સભ્ય બેન્ચ કરશે. આપને જણાવી દઇએ કે કેન્દ્ર અને રાજ્ય બંને જમ્મુ-કાશ્મીરમાં પંચાયત ચૂંટણીનો હવાલો આપતા અરજીની સુનવણી ટાળવાની માંગણીકરી રહ્યા હતા. જો કે અરજીકર્તાએ કેસની સુનવણી ટાળવાનો વિરોધ કર્યો. ચીફ જસ્ટિસે કહ્યું કે સંવિધાનના આર્ટિકલ ૧૪૫ની અંતર્ગત સંવિધાનના કોઇપણ પ્રોવિઝનને પડકારી શકાય છે. એવામાં એ જોવાનું હશે કે શું આર્ટિકલ ૩૫છ સંવિધાનના મૂળ આવધારણાને તોડે છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેઓ અરજીકર્તા, એટોર્ની જનરલ, અને જમ્મુ-કાશ્મીર સરકારની દલીલોને સાંભળશે.

## ૨૦ વર્ષ જૂના વાણિજિયક વાહનોને કબાડમાં બદલવાની નીતિ પર પીએમઓએ રાય માંગી

(એજન્સી) ન્યુ દિલ્હી,

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ આજે કહ્યું કે વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ના દિશા-નિર્દેશ અનુસાર ૨૦ વર્ષ જૂના વાણિજ્યિક વાહનોને કબાડમાં બદલવાની પ્રસ્તાવિત નીતિ પર સંબંધિત પક્ષે ફરી એક વખત રાય માંગી છે. ૧ એપ્રિલ ૨૦૨૦થી આવા વાહનોને અનિવાર્યરૂપે કબાડમાં બદલવાથી રસ્તો સાફ કરવાનો હેતુ છે.માર્ગ પરિવહન પ્રધાન ગડકરીએ આજે અહીં એક કાર્યક્રમ દરમ્યાન કહ્યું, પીએમઓએ અમને સંબંધિત પક્ષ પાસેથી ફરી એક વખત મંતવ્ય જાણવા કહ્યું છે. આખરે અમે સંબંધિત પક્ષો, ઉદ્યોગ તથા ગ્રાહકો અને સંબંધિત પક્ષોની સાથે વિચારણા કરીશું.તેમણે કહ્યું કે બધા સંબંધિત પક્ષોના મંતવ્ય જાણ્યા બાદ તેને મંજૂરી માટે પીએમઓ કાર્યાલય પાસે મોકલવામાં આવશે. ગડકરીએ કહ્યું કે નીતિ મંજૂર થયા બાદ ભારત વાહન વિનિર્માણનુ મોટું કેન્દ્ર બની શકે છે અને કબાડમાંથી સ્ટીલ, એલ્યુમીનિયમ અને પ્લાસ્ટિક જેવી વસ્તુઓ પ્રાપ્ત થશે. જેના રિસાયક્લિંગથી વાહનની કિંમત ૨૦ થી ૩૦ ટકા નીચે આવશે.તેમણે કહ્યું કે ૪.૫ લાખ કરોડ રૂપિયાના વેપારની સાથે ભારત વાહન ઉદ્યોગ માટે એક અગ્રણી સ્થળ છે. મને લાગે છે કે તેમાં ઘણી સંભાવના છે.ઉલ્લેખનીય છે કે સરકારે મે ૨૦૧૬માં 'વાહન બેડા આધુનિકરણના સ્વૈચ્છિક કાર્યક્રમ' વીવીએમપીનો ડ્રાફ્ટ જાહેર કર્યો હતો, જેમાં એક દાયકો જૂના ૨.૮ કરોડ વાહનોને રસ્તામાંથી હટાવવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો.

## ભારતીય સેનાને ૨૦૧૯ સુધી તબક્કાવાર ૪૦૦ હાઈટેક અલ્ટ્રાલાઈટ તોપ અપાશે

(પ્રતિનિધિ)સુરેન્દ્રનગર,

આગામી ૧૫ મી ઓગસ્ટલ-૨૦૧૮ના સ્વાંતંત્ર્ય પર્વની ઉજવણી સુરેન્દ્રનગરમાં થવા જઈ રહી છે ત્યાનરે આ ઉજવણીમાં પ્રજાજનો ઉત્સાહથી ભાગીદાર બને અને સરકારની લોકલ્યાણની યોજનાઓ આમઆદમી સુધી પહોંચે તે માટે રાષ્ટ્રીય પર્વની શાનદાર રીતે ઉજવણીમાં આવશે. તેવું સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે જણાવ્યું છે. આગામી ૧૫-મી ઓગસ્ટના પર્વની ઉજવણી સુરેન્દ્રનગર ખાતે થઈ રહી છે ત્યારે તેના સુચારૂ આયોજન માટે મંત્રીશ્રી બાવળીયાના અધ્યાક્ષ સ્થાને જિલ્લા અમલીકરણ અધિકારીઓ સાથે યોજાઈ હતી તેમાં મંત્રીશ્રીએ ઉપર મુજબ જણાવ્યું હતુ. રાષ્ટ્રીય પર્વએ સમગ્ર દેશનું પર્વ છે તે વાતનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હાલના વડાપ્રધાનશ્રી અને અગાઉના રાજયના મુખ્યંમંત્રીનરેન્દ્ર ભાઈ મોદીએ ગ્રામ્યા વિસ્તારના નાગરિકો પણ આ પર્વમાં ઉત્સાહથી જોડાય તે શુભ હેતુથી આ પર્વ જિલ્લા કક્ષાએ ઉજવવાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમોથી જિલ્લાના ગ્રામજનોમાં ઉજવણીનો સાચો હેતુબર આવ્યો છે. આ તબકકે મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલ કેન્દ્રં અને રાજય સરકારે ગરીબોના કલ્યા ણ માટે અનેકવિધ યોજનાઓ મુકી છે. આ પર્વની ઉજવણીથી લોકો જાગૃત બનશે અને યોજનાઓની જાણકારી મેળવી લાભ લેશે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીથી જિલ્લાના અધિકારીઓને પોતાની ક્ષમતા બનાવવાની તક મળે છે અને તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓ ખીલવવાની તક મળતા તેનો લાભ પ્રજાજનો ને મળે છે. જિલ્લા કલેકટરશ્રી કે.રાજેશે. માહિતી આપતા જણાવ્યું હતું કે, તા.૯ ઠ્ઠી થી ઓગસ્ટ આ પર્વની ઉજવણીનો પ્રારંભ થઈ રહયો છે અને મુખ્યેમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં લોકસંમેલન, યુવા સંમેલન તથા મહિલા સંમેલન યોજાશે અને દરેક તાલુકામાં વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુર્હુતના કાર્યક્રમો યોજાશે.આ તબકકે શ્રી રાજેશે વધુને વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાય તેવું આયોજન કરવા સુચન હતું.આ બેઠકમાં ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રી વિપીનભાઈ ટોલીયા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મનીન્દ રસિંહ પવાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ બંસલ તથા જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

લોકાર્પણ

## તંત્રી મંથન......

# શેરબજારમાં ફુલગુલાબી તેજી,ભારત અર્થતંત્રમાં મોટી છલાંગ લગાવશે...!

શેરબજારમાં બીએસઈ સેન્સેક્સ અને નિફટીએ સોમવારે ઈન્ટ્રાડે ઐતિહાસિક ઊંચી સપાટી દર્શાવી હતી. સત્રના છેલ્લા અડધા કલાકમાં થોડું કરેકશન આવ્યું હતું, જે બજારની તંદુરસ્તી માટે સારું છે. ગત સપ્તાહના અંતે બજારમાં ઉછાળો જોવાયા બાદ આ સપ્તાહના પ્રારંભમાં તેજીની આગેકૂચ ચાલુ રહી હતી. અનેક સાનુકૂળ કારણો ભેગાં થતાં અમુક નબળાં કારણો ડિસ્કાઉન્ટ થઈ ગયાં હતાં. એપ્રિલ-જૂન ત્રિમાસિકના પરિણામ મોટાભાગના સારાં આવ્યાં છે. નિફટીની ૫૦ કંપનીઓ પૈકી ૨૯ કંપનીએ ૧૦ ટકાની વૃદ્ધિ દર્શાવી છે. ક્રૂડ ઓઈલના ભાવ એકંદરે ઘટવાતરફી છે. જુલાઈમાં જીએસટી દર અનેક આઈટમમાં જુલાઈમાં ઘટ્યા બાદ ઓગસ્ટમાં પણ ઘટાડાયા છે.ચોમાસાનું ચિત્ર એકંદરે સંતોષકારક છે. અમુક અપવાદને બાદ કરતાં વરસાદમાં ૪ ટકાની ખાધ રહી છે. વિદેશી રોકાણકારોએ ત્રણ મહિના સુધી ઈક્વિટી માર્કેટમાંથી રોકાણ પ્રવાહ ખેંચ્યા બાદ જુલાઈમાં ઈક્વિટીમાં રૂ. ૨૩૦૦ કરોડનું રોકાણ કર્યું છે. લોકલ ઈન્વેસ્ટરોની ડોમેસ્ટિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી સારી છે. એફપીઆઈનું રોકાણ નવેસરથી વધવાની ધારણા છે. ડોલર સામે રૂપિયો ઘટતો અટકીને ધીમી ગતિએ સુધરી રહ્યો છે. રિઝર્વ બેંકે વ્યાજદર બે મહિનામાં બીજીવાર વધારવાનો હિંમતભર્યો નિર્ણય લીધો છે જેની અપેક્ષા હતી જ. આ પગલાંથી રૂપિયાને ટેકો મળ્યો છે. અમેરિકા - ચીન ટ્રેડ ટેરીફ વોરની ભીતિ દૂર થઈ નથી, પરંતુ બંને દેશોએ વાટાઘાટના દ્વાર ખુલ્લા રાખ્યા છે.વૈશ્રિ્વક બજારોમાં હેંગસેંગ, તાઈવાન, જકાર્તા, જર્મની, બ્રિટન, ન્યૂ યોર્કના શેરબજાર સુધર્યાં છે. ફુગાવાનો વધારો ચિંતાજનક છે. જોકે સર્વિસ ક્ષેત્રનો પીએમઆઈ વધીને ૨૨ મહિનાની ઊંચી સપાટીએ ગયો છે. ઔદ્યોગિક ઉત્પાદન એકંદરે સુધારાતરફી છે. જુલાઈમાં ઈક્વિટી માર્કેટ ૬ ટકાથી વધુ સુધર્યું છે. ઓગસ્ટમાં સેન્સેક્સ લગભગ ૬૦૦ પોઈન્ટ વધી ચૂક્યો છે.સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૩૭૮૦૫ની વિક્રમ સપાટીએ ગયો હતો. નિફટી ૧૧૪૦૦ થયું હતું. બાદમાં કરેકશન આવ્યું હતું. પરંતુ ટોન તેજીનો જળવાઈ રહ્યો છે. બેંક, પીએસયુ, મેટલ, ટેલિકોમ સહિતના શેરો વધ્યા છે. અનેક શેર એક વર્ષની ઊંચી સપાટીએ ગયા છે. સ્મોલ કેપ - મિડકેપ શેરો પણ સુધારાની રેલીમાં જોડાયા છે. વોલ્યુમની દૃષ્ટિએ ૨૫ જેટલા શેર ૫૨ સપ્તાહની ઊંચાઈએ ગયા છે. બીએસઈની ૩૦ સ્ક્રીપ પૈકી ૧૫ જાતમાં સુધારો જોવાયો છે.ઓટો કંપનીના વેચાણમાં એકંદરે સુધારો જોવાયો છે. ટ્રાન્સપોર્ટ હડતાળના કારણે જુલાઈના વેચાણને થોડી બ્રેક લાગી હતી, પરંતુ ઓગસ્ટમાં વેચાણ સ્પીડ પકડશે એવી ધારણાએ મારૂતિ સુઝુકી સહિતના ઓટો શેરોમાં સુધારાની સ્પીડ જોવાઈ છે. મારૂતિ એક જ દિવસમાં રૂ. ૧૦૦ સુધર્યો હતો.બેંક શેરો સ્ટેટ બેંકની આગેવાનીમાં સુધારાની રેલીમાં જોડાયા હતા. સ્ટેટ બેંક છ મહિનાની ઊંચાઈએ ગયો છે. એક માસમાં ૧૯ ટકા વધ્યો છે. બેંક નિફટી ઈન્ડેક્સ ૨૭૯૯૦ની નવી ઊંચાઈએ ગયો છે. બેંક શેરો સોમવારે ૩ ટકાથી વધુ સુધર્યા હતા.હવામાન ખાતાએ ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં નોર્મલ વરસાદની આગાહી કરી છે. હવામાનની આગાહી કરતી ખાનગી એજન્સી સરેરાશ કરતા ઓછો વરસાદ અંદાજે છે. એકંદરે ચોમાસાની સ્થિતિ ચિંતાજનક નથી તેથી સેન્ટીમેન્ટને સારી અસર થઈ છે. વાવેતરનું ચિત્ર પણ સુધરી રહ્યું છે.દેશના જીડીપી વૃદ્ધિ દર વિશે તમામ સ્તરેથી સુધારાના નિર્દેશ થયા છે. મોટાભાગનાએ ૭ ટકાથી વધુ વૃદ્ધિ દર અંદાજ્યો છે. જુલાઈનો રિટેલ ફુગાવાનો દર જે ઓગસ્ટમાં જાહેર થશે તે ઘટશે તો બજારને વેગ મળી શકે છે. મોટાભાગના કારણ બજારને ટેકો પૂરો પાડે એવા છે.કંઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્ઝ, ઓઈલ-ગેસ, પીએસયુ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેટલ શેરો વધી રહ્યા છે. વધ્યા મથાળે નફારૂપી વેચવાલી આવતી રહેશે. એકંદરે ટોન મજબૂત રહ્યો છે. ૨૦૧૭ની તુલનાએ ૨૦૧૮માં બજાર સારું રહ્યું છે. જીએસટી સિસ્ટમ સરળ થઈ છે. નિકાસકારોના રિફન્ડ મોટાભાગના દાવા ક્લિયર થઈ ગયા છે. એનાલિસ્ટે અને બજારના નિષ્ણાતોના મતે વધ્યા મથાળે માર્કેટમાં થોડું કરેકશન આવશે, જે બજાર માટે જરૂરી છે.ચીનનું શેરબજાર ઘટાડાતરફી છે. ત્યાંની કરન્સી યુઆન ડોલર સામે ૧૦ ટકા નબળી થઈ છે. ચીન બાજુ જતું વિદેશી રોકાણ ભારત બાજુ વળવાની શક્યતા વધુ છે, એમ અમુક એનાલિસ્ટોએ જણાવ્યું હતું.માર્ચ ત્રિમાસિકની તુલનાએ જૂન ત્રિમાસિકના કંપની પરિણામ સારા આવ્યા છે, તેથી આ સ્ક્રીપમાં આકર્ષણ રહ્યું છે.

# શ્રીમાન સાંસદો હવે તો જાગો મંત્રી મેનકા ગાંધી જગાડી રહ્યાં છે...!!?

બિહાર પછી ઉત્તરપ્રદેશના દેવરિયા શેલ્ટર હોમની માસૂમ બાળકીઓ સાથે દુષ્કર્મ કર્યાની શરમજનક ઘટનાઓ જે રીતે બહાર આવી રહી છે તે સરકાર,શાસકો અને અનેક અધિકારીઓ પણ સામેલ હોઈ શકે છે. દેવરિયાની બાળકીઓની આશ્રમની માન્યતા ખત્મ થઈ ગઈ હોવા છતાં ગેરકાયદેસર રૂપે કેવી રીતે ચાલી રહ્યું છે એ કહેવાની જરૂર નથી. બિહારના મુખ્યમંત્રીએ જાહેરમાં કહ્યું હતું કે તેમની સરકાર આ ઘટનાને કારણે શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગઈ છે. હવે જોવાનું એ છે કે દેવરિયા બાલિકા ગૃહની ઘટના અંગે યૂપીના મુખ્યમંત્રી યોગીજી શર્મનાક થાય છે કે નહિ.કેન્દ્રિય મંત્રી મેનકા ગાંધીએ આ શર્મનાક ઘટનાની આકરી ટીકા કરવા સાથે સાંસદોને પણ ઝાટકી નાંખ્યા છે. તેમણે કહ્યુ કે તેમના મંત્રાલયે દરેક સાંસદોને વારંવાર પત્ર લખીને કહ્યું હતું કે તેઓ તેમના મત વિસ્તારમાં શેલ્ટર હોમ,બાલિકા ગૃહ અથવા જે પણ અનાથાલય વગેરે છે તેની નિયમિત રૂપે મુલાકાત લે,તપાસ કરે અને મંત્રાલયને પત્ર લખે પરંતુ વિતેલા બે વર્ષમાં એક પણ એવા પત્ર નથી મળ્યો. દેવરિયા અને મુઝફ્ફરપુરમાં જે સાંસદોના વિસ્તારમાં આવા શેલ્ટર હોમ વગેરે છે તો તેમણે મંત્રી મેનકા ગાંધીના કહેવાથી તેની ક્યારેય મુલાકાત લીધી ખરી? ક્યારે તે માસૂમ,અનાથ,લાચાર બાળકીઓને પૂછ્યું કે તેમને કોઈ મુશ્કેલી તો નથી ને? મેનકા ગાંધીએ જે દુ:ખ જન પ્રતિનિધિઓ માટે વ્યક્ત કર્યું તે સાચું છે કેમ કે તેમની લાપરવાહીથી જ આવી ઘટનાઓ બને છે.આખરે એક જનપ્રતિનિધિના પ્રાથમિક કામ શું હોય છે? પોતાના મત વિસ્તારનું નાનાના બાળકની જેમ લાલન પાલન કરવું તેની મુશ્કેલીઓ દૂર કરવી તેમણે જાણકારી થતી હોય જ છે કે તેમના મત વિસ્તારમાં શું ચાલી રહ્યું છે અને જો ખબર નથી તો તેમણે જન પ્રતિનિધિ કહેવરાવવાનો કોઈ હક્ક નથી બનતો. એક જવાબદાર મહિલા મંત્રી વારંવાર બધા સાંસદોને યાદ કરાવે છે,પત્ર લખી રહી છે કે જ્યાં અનાથ બાળકીઓ રહે છે તે શેલ્ટર હોમની મુલાકાત કરે પણ બે વર્ષણાં કોઈ પણ માઈનાલાલે મંત્રાલયને એક પણ પત્ર નથી લખ્યો લખે તો પણ કેવી રીતે? મુલાકાત લીધી હોય તો ને? આવા જનપ્રતિનિધિ અંગે શું કહેવું? આ બાળકીઓને ન્યાય મળે ટલું તો ઓછામાં ઓછુ જનપ્રતિનિધિ કરી શકે કે નહિ?જેને સમાજે ઠુકરાવી દીધા,જેમના મા-બાપ ફક્ત સરકાર અને સત્તાતંત્ર જ છે એવી ગરીબ-અનાથ બાળકીઓનું યૌન શોષણ કરવું,ના પાડવા પર તેને માર મારવો તેનાથી મોટો બીજો કોઈ અપરાધ ના હોઈ શકે.શ્રીમાન સાંસદો હવે તો જાગો મંત્રી મેનકાજી જગાડી રહ્યા છે...!!? સરકાર શરમમાં છે એટલું કહેવાથી સરકારની જવાબદારી ઓછી થતી નથી યુપી અને બિહારની સરકારે આ દુષ્કર્મકાંડમાં જે પણ દોષિત હોય તેને આકરામાં આકરી સજા થાય તેવું કામ કરશે તો જ તેમની સરકારને લાગેલ કાલિમા સાફ થશે.

# 'મેરા ભારત મહાન' ના નારા લગાવવાથી મહાન બની જવાતું નથી !

આ દેશમાં અદાલતના જજ ખુદ લાંચ લેતા પકડાયા છે. શાળાના નેશનલ એવોર્ડ વિનર શિક્ષકોએ તેમની શિષ્યા પર સામૂહિક બળાત્કાર કર્યો હોય એવા બનાવો પણ બન્યા છે. સગો બાપ દીકરીને ગર્ભવતી બનાવે છે. મેડીકલ ઈન્સ્યુરન્સના પૈસા ગેરકાયદેસર રીતે મેળવવા લોકો બનવટી મૃત્યુ સર્ટિફિકેટનો પણ ખેલ કરતા હોય છે.અમારો પ્રશ્ન છે સારી વાત કોઈને પણ કેમ ન ગમવી જોઈએ ? બલકે સારી વાત પાકિસ્તાનની હોય તો તેની પણ સરાહના કરવી જોઈએ અને શરમજનક વાત આપણા દેશની હોય તો તેનો બચાવ ન કરવો જોઈએ. સત્ય અને તાટસ્થ્ય વિના વિવેક બુદ્ધિવાદ વામણો બની રહે છે. આપણે ત્યાં અવારનવાર એક્સિડેન્ટ થતા હોય છે. ત્યારે ટ્રક કે મોટરકાર ચલાવનાર એક્સિડેન્ટ કર્યા બાદ થોભાવાને બદલે પલાયન થઈ જતા હોય છે, છતાં બોલતા અને લખતા હોય છે કે "મેરા દેશ મહાન"! ખરેખર તો અકસ્માત થયા બાદ ભાગી છૂટવાને બદલે સામે ચાલીને ગુનો નોંધાવી દેવો જોઈએ. વિશેષમાં ઈમરજન્સીને કારણે ત્યાં ઉભા ન રહી શકાય તેમ હોય તો પોતાનો ફોન નંબર સહિતનો એડ્રેસકાર્ડ ઘટનાસ્થળ પર છોડી દેવો જોઈએ. આપણા દેશની અરાજકતાઓની અનુક્રમણિકા ઘણી છેપ જેમાં બોફર્સ કૌભાંડથી ય ચઢે એવા સેંકડો કૌભાંડો થયા છે, જેમ કે ગુનેગારો આરામથી જેલ બહાર જીવે છે અથવા વિદેશ ભાગી જાય છે. આપણે કઠોર પરિશ્રમ કરીએ છીએ ખરા પણ ભ્રષ્ટાચાર આચરીને કાળુધન પ્રાપ્ત કરવા માટે કરીએ છીએ. આપણો બીજો કઠોર પરિશ્રમ પૂજાપાઠ અને ભક્તિમાં થતો હોય છે. આપણે ત્યાં ન્યાયાલય જેવા મહત્વની બાબતમાં ભયંકર ભ્રષ્ટાચાર ચાલે છે. વર્ષોના વર્ષો સુધી કોર્ટમાં ઈરાદાપૂર્વક કેસો ખેંચ્યે રાખવામાં આવે છે. તે દરમિયાન સાક્ષીઓને ફોડી નાખીને ન્યાયના ત્રાજવા ધારેલી દિશામાં ડોલાવવામાં આવે છે. ઉજળિયાતો દલિતોને જીવતા સળગાવી દે છે. બેકાર શિક્ષકોને ખાનગી શાળાઓમાંથી છૂટા કરવાની ગર્ભિત ધમકી આપવામાં આવે છે. ત્યારબાદ પાંચ હજારના વાઉચર પર સહી કરાવીને ત્રણ હજાર પકડાવવામાં આવે છે. કોર્ટ કચેરીઓમાંથી પુરાવાઓ ગાયબ કરી દેવામાં આવે છે. કોર્ટનો સમન્સ લઈને ધરપકડ કરવા આવેલા પોલીસને થોડા રૂપિયા આપી દો તો પોલીસ જ માણસ સ્થળ પર નથી નો શેરો મારીને પાછો વળી જાય છે. વાળ ચીભડા ગળે તે કહેવત અનુસાર પોલીસો જ ગુનેગારને છટકવામાં મદદ કરે છે. જેલમાંથી કેદીઓ ભાગી જાય છે. પોલીસની આંખમાં ધૂળ નાખીને પણ કેદીઓ ભાગી ગયાના દાખલાઓ બન્યા છે. અરે! આ દેશમાં અદાલતના જજ ખુદ લાંચ લેતા પકડાયા છે. શાળાના નેશનલ એવોર્ડ વિનર શિક્ષકોએ તેમની શિષ્યા પર સામૂહિક બળાત્કાર કર્યો હોય એવા બનાવો પણ બન્યા છે. સગો બાપ દીકરીને ગર્ભવતી બનાવે છે. મેડિકલ ઈન્સ્યુરન્સના પૈસા ગેરકાયદેસર રીતે મેળવવા માટે લોકો બનાવટી મૃત્યુ સર્ટિફિકેટનો પણ ખેલ કરતા હોય છે. ખાસ આશ્ચર્યની વાત તો એ કે વૈભવી જીવન જીવતા લાખોપતિ ડોકટરો ખુદ એ ઈન્સ્યુરન્સકાંડમાં ભૂંડી ભૂમિકા ભજવે છે. અંધશ્રદ્ધામાં અંધ બનેલો બાપ દેવીના ચરણમાં પોતાના દીકરાનો બલિ ચઢાવે છે. વાંકડો અને દહેજના દુષણો ખાનગી રાહે ધમધોકાર ચાલે છે. હજીય દહેજના પ્રશ્ને સાસરિયાઓ વહુને જીવતી સળગાવી દે છે. મંદિરોની દાનપેટીમાંથી હજારો રૂપિયા ગાયબ થઈ જાય છે. મંદિરોના ટ્રસ્ટોમાં લાખોની ગોલમાલ થાય છે. ટ્રસ્ટીઓ પર કોર્ટમાં કેસ ચાલે છે. આશ્રમના રૂમમાં સાધ્વીઓ સાથે સંસાર ભોગવતા સાધુઓના સેક્સસ્કેન્ડલ પકડાય છે, એટલું જ નહીં તેમના દુશ્કૃત્યોની વિડીઓ સીડી બજારમાં ફરતી જાય છે. દોસ્તો એવું નથી કે અહીં બધું ખરાબ છે અને વિદેશોમાં બધું જ સારું છે. ઉપર વર્ણવેલા દુષણો અમેરિકામાં હોય તો તે એટલા જ વખોડવાપાત્ર ગણાય. ભારતમાં થોડીક સારી બાબતો જરૂર છે. પરંતુ તેનું પ્રમાણ સિંધુમાં બિંદુ જેટલું છે. બલકે સારી વાતોનું સાટું વાળી દે એવી ખરાબ બાબતોનો પાર નથી. આપણને આપણા દેશનું ગૌરવ હોવું જોઈએ તેની ના નથી પણ પરીક્ષામાં કોઈ વિધાર્થીનો ૧૦૦માંથી માત્ર એક જ માર્ક આવ્યો હોય તો તે એક માર્ક બદલ તેનું સન્માન ન કરી શકાય એવા ડોબા વિધાર્થી માટે ગૌરવ લેવાની ભૂલ કરવાને બદલે તેની અભ્યાસિક નિષ્ફળતાનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. આપણી નબળાઈઓનો અભ્યાસ કરીશું તો જ તે કેવી રીતે સુધારી શકાય તે અંગે કોઈ નક્કર ઉપાય હાથ લાગશે.આપણા ધરમ કરમ વાળા દેશમાં નિરંતર કથા-કિર્તનો, હોમહવન, કે યજ્ઞો થતા રહે છે. આપણે એનો વિરોધ ભલે ના કરીએ પણ તેને કારણે આ દેશની પ્રગતિ થઈ શકી તેનો કોઈએ સર્વે કરવા જેવો છે. યકિન માનજો કે આપણી મિથ્યા આત્મરતિ અને ઓવર ધાર્મિકતાને કારણે દેશને જે નુકસાન થયું છે તેટલું આપણને ચીન કે પાકિસ્તાને પણ નથી પહોચાડ્યું. તેઓ આપણા દુશ્મનોની ભૂમિકા ભજવે છે પણ આપણે આપણા દેશ વિષેની મિથ્યા આત્મવંચનાને કારણે આપની પા મિલિગ્રામ જેટલી સારી બાબતને પાંચ મણ જેટલી ગ્લોરીફાઈ કરીને પોરસાતા રહીએ છીએ. આપણા વિચારોને સાચી દિશા નહીં મળે ત્યાં સુધી આપણા કદમ યોગ્ય દિશામાં આગળ વધશે નહીં. "મેરા ભારત મહાન" ના નારા લગાવવાથી મહાન બની જવાતું હોત તો આપણા કરતાં અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ એ શોર્ટકટ વહેલો અપનાવ્યો હોત પરંતુ સત્ય એ છે કે વિશ્વનો કોઈ દેશ કદી ટ્રકો પાછળ મહાનતાના પાટિયા ઝૂલાવવાથી મહાન બની શકતો નથી. જરા વિચારો આપણે ત્યાં સેંકડો દરોડા પડ્યા અને તેમાં કરોડો રૂપિયાનું કાળું નાણું મળી આવ્યું ટીવી પર આપણે જોયું કે ૨૦૦૦ની નવી નોટો હજી તો આપણા હાથમાં આવી પણ નહોતી તે પહેલા કરોડો રૂપિયાની એ નોટો બિલ્ડરો અને બીજા અનેક ભ્રષ્ટાચારીઓને ત્યાંથી પકડાઈ. એ શું બતાવે છે ? બેંકોની મદદ વિના એ નવી નોટો તેમના હાથમાં લોકો કરતાં પહેલાં કેવી રીતે પહોંચી ગઈ ? ૪૧ બેંકોના મેનેજર તથા કેશિયર વગેરેને સસ્પેન્ડ કરવામાં આવ્યા એ ઘટનાની ગંભીરતા જરાય ઓછી નથી.બેંકો, ગ્રાહકો, બિલ્ડરો અને અનેક માલેતુજારોએ ખભેખભા મિલાવી મહેનત કરી છે! ત્યારે મેરા દેશ મહાન (??!!) બની શક્યો છે. નાનપણમાં પારધી અને પક્ષીઓની વાર્તા વાંચવામાં આવી હતી. પારધીએ પક્ષીઓને પકડવા માટે એક જાળ ફેલાવી હતી. દાણા ચણવા આવેલા બધા પક્ષીઓ એ જાળમાં ફસાઈ ગયા. એક ઘરડા પક્ષીએ સૌને સલાહ આપી : બધા એક સાથે જોર લગાવીને ઉપરની દિશામાં ઊડો અને બધાં પક્ષીઓ આખી જાળ લઈને ઊડી ગયા. આપણા દેશમાં રાજનેતાઓ સહિત ૧૨૫ કરોડ પક્ષીઓ ભ્રષ્ટાચારની આખેઆખી જાળ લઈને ઊડી રહ્યા છે. તેથી દેશની તિજોરીની દશા પારધીના ખાલી હાથ જેવી થઈને રહી ગઈછે.



# આજે આપણે વાત કરીએ મા-બાપ અને એમના બાળકો ની..



અમલમાં મુક્વા જેવા

- સંજય તન્ના

આજ ના સમય માં જોઈએ તો મા-બાપ ના વિચારો સાથે આજની પેઢી – એમના બાળકો સહમત નથી. ઘણા તો સાવ ઊંધું જ કરતા હોય છે. પણ આવું કેમ? એનો કોઈએ વિચાર કર્યો છે? શું એમને સમય ની અસર છે? શું બહાર ના દેશો ની હવા લાગી ગઈ છે? મેડિયા ની આમાં કેટલી અસર છે? ફિલ્મો ની કેટલી અસર છે?મારા મતે આ બધા ની અસર તો છેજ પણ મોટી અસર એકબીજા ને સમજવા ની છે. શું માં-બાપ તરીકે તમે ક્યારેય જાણ્યું કે તમે કેટલા તમારા બાળકો ને સમજો છો? અત્યાર ના આ ક્રીયેટીવ અને ફાસ્ટ સમય માં એજ અપના જુના વિચારો થોપવાના એ કેટલા અંશે યોગ્ય છે? શું આપણે પણ એવું નથી કરતા જે આપણા માં-બાપે આપણી સાથે કર્યું? આપણે એનો કેટલો અમલ કરતા હતા? આપણે કેટલો સમય આપણા બાળકો સાથે વિતાયો? શું આપણે એમના વિશારો યા એમની ઈચ્છાઓ જાણી? જો આ બધા પ્રશ્ન નો જવાબ મળી જશે તો બધું સારું થઈ જશે. પણ આપણે એ જાણવા ની કોશિશ પણ નથી કરી. અને જેણે જેણે આ કોશિશ કરી છે એમના ફેમેલી માં કોઈ પણ તકલીફ નહિ હોય એની મારી ગેરન્ટી. જેમ આપણા માં-બાપ નો સમય બદલાઈ ગયો એમ આપણો સમય પણ બદલાઈ ગયો છે અને આપણે એ સમય ની સાથે ચાલવું જોઈએ. જો આપણે સમય ની સાથે ચાલીશું તો મને નથી લાગતું કે કોઈ પણ સમસ્યાઓ ઉભી થાય. અત્યાર ના સમય મુજબ માં-બાપે બાળકો ના મિત્ર તરીકે વર્તવું જોઈએ. બાળકો ના કામ માં તમે રસ લો, એમનું કહ્યું કરો જો તમારે તમારું કામ અને તમારું કહ્યું કરાવવું હોય તો. અત્યાર ના બાળકો માં આપણા જેવું નથી કે માં-બાપે કીધું એજ કરવા નું, એ પછી અભ્યાસ હોય, ધંધો હોય કે નોકરી હોય. એવા લાખો કરોડો કિસ્સાઓ છે કે જેને બીજાના એટલે કે માં-બાપ હોય, મિત્ર હોય કે કોઈ પણ વડીલ હોય ના કહેવા મુજબ કર્યું છે એની ક્યારેય પ્રગતિ નથી થઈ પણ પોતાની ઈચ્છા મુજબ જેને કામ કર્યું છે એની પ્રગતિ ચોક્કસ થઈ છે.આ હતી માં-બાપ ની બાળકો પ્રત્ય ની વાત, હવે બાળકો ની માં-બાપ પ્રત્ય ની વાત...શું આજના બાળકો એટલા બધા હોશિયાર થઈ ગયા છે કે માં-બાપ ની વાત નહિ માનવા ની, એમની વાત એક કાને સાંભળી ને બીજા કાને કાઢી નાખવા ની. તમે ક્યારેય માં-બાપ ની પરિસ્થિતિ નો વિચાર કર્યો છે? તમે એવું કેમ નથી વિચારતા કે તમારા માં-બાપ તમારા – પોતાના બાળકો માટે ક્યારેય ખરાબ યા ખોટું ના વિચારે, માં-બાપ કઈ કહે એ એમનો અનુભવ બોલતો હોય છે. તમને કોઈ વાતે ના પડાવી એ એમને પણ નથી ગમતું હોતું પણ સમય સંજોગો અને એમનો અનુભવ એ કરાવે છે, એનો તમારે પણ અમલ કરવો જ જોઈએ. તમે જેમ ઈચ્છો કે માં-બાપ તમને સમજે તો તમારે પણ એમને સમજવા જોઈએ કે નહિ? માં-બાપ વરસ માં ભલે ને એક જોડી કપડા લેતા હોય પણ ક્યારેય તમને નારાજ કર્યા છે? તમારા વરસ ના ૧૨ જોડી કપડા આવે છે. એ લોકો શાક ને ભાખરી ખાઈ લેશે પણ તમને પિઝ્ઝા, બર્ગર, સેન્ડવીચ અને બીજું જોઈએ એ ખવડાવશે, પીવડાવશે. વરસ માં એક પિકચર જોનારા માં-બાપ તમને મહીને એક પિકચર જોવા જવા દેશે. શું આ બધું તમારા પ્રમાણે નથી થતું, તો કોઈ વાત માં તમને રોકવા માં આવે અથવા કઈ ગુસ્સે થઈ કઈ કહેવા માં આવે તો તમને કેમ તકલીફ પડે છે? તમને ભણવા માટે પણ કઈ ગુસ્સે થી કહેવા માં આવે તો તમને કેમ દુખ લાગે છે, જેને તમને જન્મ આપ્યો એમને તમારી પ્રગતિ માં ધ્યાન આપવું શું ગુનો છે? તમારા થી કઈ ભૂલ થતી હોય તો તમને કઈ કડક શબ્દો માં સમજાવવા એ શું એમની ભૂલ છે? માં-બાપ અને બાળકો નું લોહી એકજ છે, હા થોડા વિચારો અલગ અલગ હોય, પણ એનો મતલબ એવો નથી કે એ લોકો એક બીજા નું ધ્યાન અથવા એક બીજા માટે વિચારતા નથી. આખી દુનિયા જાણે છે કે હાલ ના સમય માં ભણવા નું કેટલું ફરજીયાત છે, અને જો માં-બાપ કોઈ બાળક ને ભણવા માટે કડકાઈ થી કઈ કહશે તો આત્મહત્યા કરવા નો પ્રયત્ન કરશે અથવા આત્મહત્યા કરશે. બાળકો ને મારો પ્રશ્ન છે કે આ કેટલી હદે યોગ્ય છે? શું માં-બાપ ને તમને બોલવા નો કોઈજ હક નથી? શું ૫-બાપે તમારા થી ડરી ને રહેવા નું અને તમારી સાથે વાત કરવા ની? તમારા આ સ્ટેપથી એ માં-બાપ જેમણે તમને જન્મ અપ્યો, લાડ કોડ થી ઉછર્યા એ લોકો પર શું ગુજરતી હશે તમને એનો અંદાજો પણ છે? બસ ઈચ્છા થઈ એટલે કુદી પડવાનું, લટકી જવાનું. બસ તમારી જ લાગણી હોય માં-બાપ ને તો કોઈ જ લાગણી નથી હોતી નઈ.જો માં-બાપ અને બાળકો વચ્ચે ની જો આ વિચારો ની પાતળી દોરી તૂટી જાય અને એક બીજા ને સમજે તો બધા ની આખી જીંદગી સરળતા થી નીકળી જાય અને કદાચ કોઈ પણ માં-બાપ ને ઘરડા ઘર માં જવું ના પડે અથવા કોઈ પણ બાળકો ને માં-બાપ થી દુર રહવા ની ઈચ્છા જ ના થાય.આ મારા વિચારો છે, આમાંથી તમને જે યોગ્ય લાગે તેનો અમલ કરો, પછી જુવો બદલાવ.બીજા ચેપ્ટર માં આપડે માં-બાપ અને દીકર-વહુ ની વાત કરીશું.

# બે પત્નીઓ સાથે રહેતા શિક્ષકે ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવ્યુ

(પ્રતિનિધિ) રાજકોટ,

શહેરના રજપૂતપરામાં આવેલી હોટેલમાં એક શિક્ષકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ શિક્ષક બે પત્નીઓ સાથે રહેતો હતો. જેમાં પ્રથમ પત્ની સાથે સમજૂતીથી છૂટા થયા બાદ તેણે બીજા લગ્ન કર્યા હતા. જો કે બંને પત્ની એક જ મકાનમાં રહેતી હતી. અવારનવાર બંને પત્નીઓ વચ્ચે તકરાર થતી હતી. આથી કંટાળેલા શિક્ષકે પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.જેતપુર ખાતે વેકરિયાનગરમાં રહેતા ૩૦ વર્ષીય ધર્મેશભાઈ હસમુખભાઈ વડોદરિયા રજપૂતપરામાં આવેલી સીટી-ઈન હોટેલમાં ઉતર્યા હતા. સોમવારે બપોરે દોઢ વાગ્યે ચેકઆઉટ કરવાનો સમય હોઈ હોટેલ સ્ટાફે બારણું ખાટખટાવ્યું હતુ, પરંતુ દરવાજો ન ખુલતા અજુગતું થયાની શંકાએ હોટેલ સ્ટાફે બાજુના રૂમમાંથી અંદર જઈ તપાસ કરી હતી. જેમાં ધર્મેશભાઈ પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાધેલી હાલતમાં લટકતા જોવા મળ્યા હતા. જેને પગલે પોલીસને જાણ કરાતા એ-ડિવિઝનનો કાફલો દોડી ગયો હતો.તપાસ કરનાર અધિકારીએ જણાવ્યા મુજબ, મૃતક ધર્મેશ વડોદરિયા જેતપુરની સરકારી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા.

# માનસિક બિમાર પોસ્ટ કર્મચારીએ હોસ્પિટલના ત્રીજા માળેથી ઝંપલાવ્યુ

(પ્રતિનિધિ) ભાવનગર,

અમરેલીના પોસ્ટ કર્મચારીની ભાવનગરમાં માનસીક બીમારીની દવા ચાલતી હોય દવા લેવા આવ્યા હતા અને તે જ ખાનગી દવાખાનાના બિલ્ડિંગના ત્રીજા માળેથી ઝંપલાવી આપઘાત વ્હોરી લેતા અરેરાટી પ્રસરી ગઈ હતી.અમરેલી જિલ્લાના લીલીયા તાબેના હાથીગઢ ગામે રહેતા અને અમરેલીમાં પોસ્ટ કર્મચારી તરીકે ફરજ બજાવતા ઈકબાલભાઈ ભાયાભાઈ સોલંકી (ઉ.વ.૪૫ આશરે ) કે જે માનસીક બીમાર હોય તેમની ભાવનગરમાં કાળાનાળા ખાતે આવેલ કાર્ટન કોમ્પ્લેક્ષમાં એક ખાનગી તબીબને ત્યા દવા ચાલતી હોય ગઈકાલે તેઓ દવા લેવા માટે આવ્યા હતા. જો કે તેઓએ અમદાવાદના તબીબની પણ દવા લીધી હતી. પરંતુ તબીયતમાં કોઈ ફેર પડતો ન હતો.દરમિયાન તેઓ ખાનગી તબીબના દવાખાનાના બિલ્ડિંગના ત્રીજા માળે ચડી ગયા હતા અને ત્યાંથી નીચે ઝંપલાવી આપઘાત વ્હોરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી હતી. બિલ્ડિંગના દાદર પરથી મૃતકની દવા અને અન્ય કાગળો સાથેની થેલી મળી આવી હતી. જેના આધારે તેઓની ઓળખ થઈ હતી અને પોલીસે આ અંગે તેમના સગા-સબંધીને જાણ કરી હતી.

# જામનગર મ્યુનિ. કોર્પો.ની સ્થિતિ કફોડી, સ્ટાફને પગાર ચૂકવવાના પૈસા નથી..!!

(પ્રતિનિધિ) જામનગર,

જામનગર મહાપાલિકાની નબળી આર્થિક સ્થિતિના કારણે સ્ટાફના પગાર પણ સમયસર થતા નથી. બીજીતરફ લાખો રૂપિયાના બિનજરૂરી ખર્ચાઓ થઈ રહ્યા છે. ખાસ કરીને જુની રીકવરી કરવામાં તંત્ર ઉણું ઉતરતું હોવાથી પૈસા માટે તંત્રને ગાંધીનગર તરફ મીટ માંડવી પડે છે.જામનગર મહાપાલિકા સ્ટાફનો પગાર આજ સુધી થયો નથી. મળતી માહિતી મુજબ બે માસની ઓક્ટ્રોય વળતરની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી મળી નથી. આથી મહાપાલિકાની તિજોરી ખાલી હોવાથી હાલનો પગાર કરવો શક્ય નથી. હવે આવતા અઠવાડીયે કદાચ પગાર કરવામાં આવે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.બીજીતરફ મહાપાલિકા પોતાની જુની લેણી રીકવરીમાં પણ નિષ્ફળ ગઈ છે. માટે પણ તિજોરી તળીયા ઝાટક છે. મિલકત વેરાની વસુલાત માટે મિલકત વેરા શાખા દ્વારા સીલીંગ કામગીરી કરવામાં આવી રહી છે.જેથી લોકો બાકી મિલકત વેરો ભરપાઈ કરવા તત્પરતા દાખવે તેવી જ રીતે વોટર વર્કસ શાખાની પણ આશરે ૧૦૦ કરોડની વસુલાત બાકી છે. પરંતુ તેની વસુલાત માટે તંત્રને કોઈ જ રસ નથી.પાણી વેરો નહીં ભરનારા આસામીના નળ જોડાણો કાપવાની કામગીરી સદંતર બંધ હાલતમાં છે. આથી ગેરકાયદે નવી જોડાણ મેળવનારને પાણી મળે છે અને વેરો ભરનારા આસામીને પૂરતું પાણી મળતું નથી. શા માટે મ્યુનિ. કમિશનર દ્વારા પાણી વેરા વસુલાત માટે કડકાઈથી કામગીરી લેવામાં આવતી નથી.જામનગર મનપાની સ્થિતિ કફોડી,સ્ટાફને પગાર ચૂકવવાના પણ પૈસા નથી..!!એકતરફ મહાપાલિકાની તળીયા ઝાટક તિજોરી આવકના સ્ત્રોત અપૂરતા તો બીજીતરફ જાલીમ ખર્ચાઓ ભવિષ્યમાં મહાપાલિકાને લઈ ડુબશે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

# ચાંદખેડા ખાતે ફરી સશસ્ત્ર ટોળકીનો આતંક: પથ્થરમારો કરી લૂંટ ચલાવી

(પ્રતિનિધિ) અમદાવાદ,

શહેર છેવાડે આવેલો ચાંદખેડા વિસ્તાર હવે અસલામત બની ગયો છે. ચાંદખેડાવાસીઓ હવે પોતાને અસલામત અનુભવી રહ્યા છે. ચાંદખેડામાં ફરી એકવાર ચોરી ધાડની ઘટના બની છે. સતત બીજા મહિને પથ્થર સાથે આવતી લૂંટારુ ટોળકી પરિવારજનો પર પથ્થરમારો કરી કરી ફરાર થઈ ગયા હોવાનો કિસ્સો બન્યો છે.ચાંદખેડા ટીપી રોડ પર આવેલા પાઈનેપલ બંગ્લોઝમાં રહેતા ખાનગી કંપનીના મેનેજરના ઘરમાં મોડી રાતે ચોરી કરવા આવેલા તસ્કરોએ રૂ. એક લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ચાંદખેડા વિસ્તાર દિવસેને દિવસે વિકસિત થઈ રહ્યો છે ત્યારે બીજી તરફ ચાંદખેડાવાસીઓ અસલામતી અનુભવી રહ્યા છે. હવે ચાંદખેડા હથિયારો અને પથ્થર સાથે લૂંટફાટ કરતી ટોળકીઓ માટે સોફ્ટ ટાર્ગેટ બની ગયો છે. ચાંદખેડાના ટીપી-૪૪ રોડ પર શ્રીરંગ સોસાયટી પાસે આવેલા પાઈનેપલ બંગલોઝમાં મિતેશભાઈ પટેલ (ઉ.વ.૪૦) તેમના પરિવાર સાથે રહે છે. બેડરૂમથી બહાર આવીને જોતાં મોઢે રૂમાલ બાંધેલા ત્રણથી ચાર અજાણ્યા માણસો બહાર ઊભા હતા. તેશભાઈએ બુમાબુમ કરતાં તેઓ મકાનમાંથી નીચે ઊતરી ગયા હતા. બધા જાગી અને તેઓને પકડવા જતા તસ્કરોએ તેમની પાસે રહેલા પથ્થરથી પથ્થરમારો કર્યો હતો.મુખ્ય રૂમમાં મૂકેલા પર્સ અને ટેબલ પર પડેલા રોકડ રૂ. છ હજાર, છ તોલાના સોનાના દાગીના અને બીજા રોકડ રૂ. દસ હજાર મળી કુલ રૂ. એક લાખની આસપાસની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘરમાંથી ચોરીના બનાવને લઈ ચાંદખેડા પોલીસે ચોરી અને નુકસાન અંગેનો ગુનો નોંધ્યો છે.

# પોલીસકર્મીની પત્નીને બીભત્સ મેસેજ કરતો પોલીસમેન, અંતે ફરિયાદ દાખલ

(પ્રતિનિધિ) અમદાવાદ,

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશનમાં એક પોલીસકર્મીએ તેની સાથે કામ કરતા પોલીસકર્મીની પત્નીને બીભત્સ મેસેજ કર્યા છે. આ અંગે પોલીસકર્મીએ પોલીસ અધિકારીને જાણ કરી છે. આ અંગેની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને હવે આ કેસ એસીપી લેવલ સુધી પહોંચી ગયો છે.પોલીસ બેડામાં શરમજનક ગણાય તે પ્રકારની બાબત સામે આવતા હાલ પોલીસે આ મુદ્દે અરજીના આધારે તપાસ કરી છે પરંતુ પોલીસને વધુ પુરાવા મળશે તો આ પ્રકરણમાં ફરિયાદ દાખલ કરવાની પણ તૈયારી કરી લીધી છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અમદાવાદ રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીને એક કોન્સ્ટેબલ સાથે મિત્રતા થઈ હતી. તે કોન્સ્ટેબલે પોતે કાયદાનો જાણકાર છે તેમ કહીને અન્ય પોલીસકર્મીઓને પરેશાન કરતો હતો. આ દરમિયાન વિજય ( નામ બદલ્યુ છે)ને પણ આ પોલીસકર્મી જયપાલ (નામ બદલ્યુ છે) મળવા આવ્યો હતો. જયપાલે વિજયને કહ્યું કે હું ૨૮ વર્ષથી પોલીસકર્મી છું અને તને કોઈ તકલીફ પડે તો આપણે અરજી કરીશું અને કોઈ પણ કામ હું કરી શકું છું. પોલીસકર્મીની પત્નીને બીભત્સ મેસેજ કરતો પોલીસમેન,અંતે ફરિયાદ દાખલઆ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનના પી.આઈ. જી એચ પઠાણે જણાવ્યું હતું કે, અમને આ સંદર્ભે અરજી મળી છે અને અમે તેની તપાસ કરીને અરજી એસીપી તરફ કરી છે.

કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજ્યભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં લોકાર્પણ અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્ત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા લોકાર્પણ હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિ:સંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંકલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

**સ્પષ્ટતા :** લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષાદ્વેષથી પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.

તંત્રી : ગૌરાંગ પંડ્યા
[M] 99099 69099

# અદ્યતન એઆઇ ટેક્નોલોજી અને જીપીયુ ટર્બોથી સજ્જ ઓનર પ્લે રૂ. ૧૯,૯૯૯ અને રૂ. ૨૩,૯૯૯ ની કિંમતે ભારતમાં લોન્ચ

(એજન્સી) નવી દિલ્હી,

હુવાવેની પેટા બ્રાન્ડ ઓનરે આજે તેના લાંબા સમયથી રાહ જોવાતા હાઇ પર્ફોર્મન્સ ડિવાઇસ - ઓનર પ્લે લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે આકર્ષક કિંમતે મહત્તમ પર્ફોર્મન્સ પૂરું પાડવાનો ઉદ્દેશ ધરાવે છે. ઓનર પ્લે ફ્લેગશીપ કિરિન ૯૭૦ એઆઇ પ્રોસેસર, ન્યુટ્રલ પ્રોસેસિંગ યુનિટ (એનપીયુ) થી સજ્જ છે, જે એઆઇની સારી કામગીરી માટે એક્સિલેરેશન ઓફ મશીન લર્નિંગ (એમએલ) અલ્ગોરિધમની વિશેષતા ધરાવે છે. ઓનર પ્લે શ્રેષ્ઠ જીપીયુ ટર્બો ટેક્નોલોજી સાથે અદ્ભુત ગ્રાફિક્સ અને યુઝર એક્સપિરિયન્સમાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરશે. ઓનર પ્લે ૬ ઓગસ્ટે સાંજે ચાર વાગ્યાથી એમેઝોન ઉપર - www.amazon.in/dp/B077PWJLR2 ખાસ વેચાણ માટે ઉપલબ્ધ બનશે. એક્સિસ કાર્ડ ઇએમઆઇ ઉપર વધારાની સેવિંગ્સ પણ મળી રહેશે. વોડાફોન ઓનર પ્લે ખરીદતા ગ્રાહકોને ૧૨ મહિના માટે ૧૨૦ જીબી વધારાનો ફ્રી ડેટા આપશે. પ્રી-પેઇનડ ગ્રાહકોએ ઓફરનો લાભ લેવા માટે રૂ. ૧૯૯ અથવા તેનાથી વધુનુ રિચાર્જ કરાવવાનું રહેશે. આ સાથે પોસ્ટ-પેઇડ ગ્રાહકો રૂ. ૩૯૯ થી શરૂ થતાં કોઇપણ વોડાફોન રેડ પ્લાન ઉપર ૧૨ મહિના માટે વધારાના ૧૦ જીબી ફ્રી ડેટા મેળવી શકશે. આ ઉપરાંત વોડાફોન પોસ્ટ પેઇડ ગ્રાહકો વોડાફોન પોસ્ટ પેઇડ પ્લાન (ભાડું રૂ. ૩૯૯ અથવા વધુ) ઉપર કોઇપણ ખર્ચ વિના ૧ વર્ષથી એમેઝોન પ્રાઇમ મેળવી શકશે. આ સાથે ઓનરના સત્તાવાર સ્ટોર www.hihonro.com/in/ yLku https://www.hihonro.com/in/ honro-play-launch.html ઉપર પણ સ્માર્ટફોન ખરીદી શકાશે. આ લોન્ચ અંગે પ્રતિક્રિયા આપતાં હુવાવે ઇન્ડિયાના કન્ઝ્યુમર બિઝનેસ ગ્રુપના વાઇસ પ્રેસિડેન્ટ સેલ્સ પી. સંજીવે જણાવ્યું હતું કે, ડિઝાઇન, ઇનોવેશન અને સરળ અનુભવ પ્રદાન કરવા ઉપર સ્પષ્ટ ધ્યાન આપતાં ઓનરે ભારત સહિત વિશ્વભરમાં પોતાની કામગીરી વિસ્તારી છે. ઓનર પોતાની સ્ટાઇલિશ ડિઝાઇન, શ્રેષ્ઠ પર્ફોર્મન્સ, અનોખી વિશેષતાઓ, નવા ટ્રેન્ડ્સ અને સુગમતા દ્વારા યુવા પેઢીને સરપ્રાઇઝ આપતું રહેશે અને તેમના ઉત્સાહમાં વધારો કરશે. ઓનર પ્લેનું લોન્ચ નવીન કિરિન ૯૭૦ ટેકનોલોજી અને એઆઇ ટેકનોલોજી સાથે થયું છે, જે ગ્રાહકોને સ્માર્ટફોન તરફથી ઇન્ટેલિજન્ટ ફોન તરફ લઇ જશે. શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપતાં ઓનર પ્લે ભારતી ગ્રાહકો માટે વાજબી



કિંમતે બેસ્ટ પર્ફોર્મન્સ આપતું ડિવાઇસ બની રહેશે. અમને આશા છે કે યુવા પેઢી ઓનર પ્લેની ક્ષમતાઓને આવકારશે તથા ભારતમાં કેટલી ફાસ્ટ એન્ડ ક્રેઝી સ્માર્ટ એક્સપિરિયન્સને સાકાર કરવાના અમારા પ્રયાસોને મદદરૂપ બનશે. એમેઝોનના કેટેગરી મેનેજમેન્ટના ડિરેક્ટર નૂર પટેલે જણાવ્યું હતું કે, અમે લાંબા સમયથી ભારતમાં રાહ જોવાતા ઓનર પ્લેને Amazon.in ઉપર લોન્ચ કરતા ઉત્સાહિત છીએ. આ ભાગીદારી દ્વારા અમે સ્માર્ટફોન કેટેગરીમાં મજબૂત પોર્ટફોલિયોનું નિર્માણ કરીશું અને ગ્રાહકોને પસંદગીની વિશાળ શ્રેણી, સારું મૂલ્ય, ઝડપી અને વિશ્વસનીય ડિલિવરી ઓફર કરીને Amazon.in ઉપર ગ્રાહકોના ખરીદીના અનુભવને વધુ આનંદમય બનાવીશું. અમને વિશ્વાસ છે કે દેશમાં પહેલેથી જ ઘણો ઉત્સાહ પેદા કરનાર નવો ઓનર પ્લે એમેઝોનના ગ્રાહકો મજબૂત પ્રતિસાદ આપશે. જીપીયુ ટર્બો અને એઆઇ ટેકનોલોજીથી સજ્જ ઓનર પ્લે ૪જીબી રેમ અને ૬૪ જીબી વેરિઅન્ટ્સમાં રૂ. ૧૯,૯૯૯ તેમજ ૬ જીબી રેમ અને ૬૪ જીબી વેરિઅન્ટ્સમાં રૂ. ૨૩,૯૯૯ માં ઉપલબ્ધ બનશે. ઓનર પ્લે બે કલર વેરિઅન્ટ્સ - મીડનાઇટ બ્લેક અને નેવી બ્લુમાં ઉપલબ્ધ બનશે. ઓનર પ્લે ઇ-કોમર્સ પ્લેટફોર્મ www.amazon.in/ dp/B077PWJLR2 ઉપર ૬ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સાંજે ૪ વાગ્યાથી વેચાણ માટે ઉપલબ્ધ છે.

# સુપરસોનિક હેર ડ્રાયર વડે રક્ષા બંધન માટે પરફેક્ટ ગીફ્ટ: તમારી શોધનો અંત

(પ્રતિનિધિ) અમદાવાદ,

રક્ષાબંધન એ લાંબા સમયથી ચાલી આવતી પરંપરા છે કે જેમાં ભાઇઓ વિચારપૂર્વક નક્કી કરેલી ગીફ્ટ દ્વારા બહેન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. રક્ષા બંધનની પરંપરા ચાલી રહી છે ત્યારથી ભાઇઓએ પોતાની બહેનની સુરક્ષા કરવાની જરૂર રહેતી નથી. તેમના વાળને ચોક્કસ કેટલીક સુરક્ષા અને કાળજી ઉપલબ્ધ થશે. અત્યાર સુધીની સ્માર્ટ, સ્વતંત્ર અને સફળ મહિલાઓ માટે ગીફ્ટની અસરકારક અને આસાન પસંદગી ડાયસન સુપરસોનિક રાખી એડિશન બની રહે છે. ડાયસન સુપરસોનિક એ એક એવુ સાધન છે કે જે વાળને નુકશાન કર્યા વગર તેની કાળજી અને સ્ટાઇલીંગ આસાન બનાવે છે. તે ઇન્ટેલીજન્ટ હીટ કન્ટ્રોલથી સજ્જ છે, જે દર સેકન્ડે ૨૦ વખત બહાર નીકળતી હવાનુ તાપમાન માપે છે અને ૧૫૦ ડીગ્રી સેન્ટીગ્રેડથી વધવા દેતુ નથી. ડાયસનની ડીજીટલ વીક્સ મોટર અને એર મલ્ટીપ્લાયર ટેકનોલોજી, ઝડપી અને કેન્દ્રિત એર ફ્લો શક્ય બનાવે છે, વાળને ઝડપથી સુકવે છે અને એ રીતે કુદરતી ચમક જાળવી રાખે છે. તે વજનમાં હળવુ છે અને હાથમાં સમતોલ પણે રહે તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે અને ઘણાં બધાં પરંપરાગત હેર ડ્રાયર કરતાં તે વધુ શાંત છે. ડાયસન આ રક્ષાબંધનની મોસમ માટે ખાસ એડીશન બહાર પાડી છે જે તમારી બહેન માટે એક પરફેક્ટ ગીફ્ટ બની રહે છે. ડાયસનનો સુપરસોનિક ઇન્ફ્યુશીયા કલર કોમ્પલીમેન્ટરી પ્લેટીનમ સ્ટોરેજ/ટ્રાવેલ બેગ સાથે આવે છે. આ પ્લેટીનમ બેગ હીટ રેઝીસ્ટન્ટ ફેબ્રીક સાથે પર્પલ લાઇનથી સ્ટીચ કરેલ હોય છે અને તે મેગનેટીક હૂક વડે જોડીને સલામત બનાવાય છે જે ડાયસન સુપરસોનિકને એક પરફેક્ટ સાથીદાર બનાવે છે. ડાયસન સુપરસોનિક હેર ડ્રાયર વડે રક્ષા બંધન માટે પરફેક્ટ ગીફ્ટની તમારી શોધનો અંતસ્પેશ્યલ રક્ષાબંધન ગીફ્ટ એડીશનની કીમત રૂ. ૨૫,૦૦ રાખવામાં આવી છે. (જેમાં સુપરસોનિક હેરડ્રાયર અને પ્લેટીનમ બેગનો સમાવેશ થાય છે.)૧ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮ સુધી તે ઉઉઉ.Dyson.in, ડીએલએફ પ્રોમેનેડમોલ અને સીલેક્ટ સીટીવાક મોલમાં, નવી દિલ્હીમાં તથા વીઆર મોલ, બેંગલોરની સાથે સાથે નવી દિલ્હી અને બેંગલોરમાં ડીરેક્ટ ટુ હોમ સર્વિસ દ્વારા ઉપલબ્ધ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બે રૂપિયે કિલોના રાહતદરે ઘાસનું વિતરણ ચાલુ રહેશે : રૂપાણી

રાજ્યના ઉત્તરીય ભાગોમાં વરસાદ ખેંચાતાં પશુધન માટે ચારાની વ્યવસ્થા માટે સરકારે મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજ્યના પશુધન પ્રત્યે સંવેદના દાખવતાં નિર્ણય જાહેર કર્યો છે કે રાહતદરનું ઘાસ ચાલુ રાખવામાં આવશે.રાજ્યના કુલ ૪૪ તાલુકાઓ કે જ્યાં ૧૨૫ મી.મીથી ઓછો વરસાદ થયો છે તેવા તાલુકાઓમાં ગૌશાળા પાંજરાપોળના પશુઓ માટે તે તાલુકાઓમાં ૧૨૫ મી મી વરસાદ થાય ત્યાં સુધી અથવા અન્ય નિર્ણય થતાં સુધી ૨ રૂપિયે કિલોના રાહત દરે ઘાસનું વિતરણ ચાલુ રાખવામાં આવશે.આ રાહત દરે ઘાસ વિતરણની મુદત ૩૧ જુલાઇના રોજ પૂર્ણ થતી હતી, પરંતુ જરૂરત વર્તાતાં પશુપાલકોની રજૂઆતોને લઇને સરકારે રાહત દરનું ઘાસ વિતરણ પુરું પાડવા નક્કી કર્યું છે.

### ગબ્બર પર યાત્રાળુઓ માટે સરળ પગથિયાં બનાવવાનું આયોજન

હિંદુ ધર્મમાં શક્તિ પીઠોમાંનું એક એવું યાત્રાધામ, જયાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. અંબાજીમાં દર્શનાર્થે આવેલા યાત્રાળુઓ ગબ્બર પર બિરાજમાન માતાજીના દર્શનાર્થે જતા હોય છે. અંબાજીમાં ગબ્બર ચઢવા માટે પગથિયાંની સાથે ઉડન ખટોલા પણ છે., પરંતુ ઘણાં યાત્રાળુઓ પગપાળા પગથિયાં ચઢી દર્શન કરવાનું વધારે પસંદ કરે છે. યાત્રાધામ અંબાજીમાં સૌ કોઇ શ્રધ્ધાળુને દર્શન કરવામાં સુવિધા રહે તેમજ અવનવા આકર્ષણો પણ ઉભા કરવાનો તંત્ર દ્વારા પ્રયાસ થાય છે.તાજેતરમાં જ સૂત્રોના જણાવ્યા અનુસાર યાત્રાળુઓની સરળતા માટે ભાદરવી પૂનમ બાદ પગથિયાંનું સમારકામ તેમ જ નવીનીકરણ કરવાનું કાર્ય કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અંબાજી મંદિર પરિસરમાં તેમજ શહેરમાં શક્તિ પીઠ, વન-ઉપવનના આકર્ષણની સાથે અનેક સુવિધાઓ પણ યાત્રાળુઓને આપવાના સતત પ્રયાસ થાય છે.

### લંપટ શિક્ષકનું શરમજનક નિવેદન : મને વિદ્યાર્થીની સાથે પ્રેમ થઇ ગયો હતો

પોતાની સગીર વિદ્યાર્થિનીને જ હવસનો શિકાર બનાવનાર વડોદરાના લંપટ શિક્ષક વિનુ કટારિયાએ પોલીસની પૂછપરછ દરમિયાન અનેક ખુલાસા કર્યા છે. બેશરમની હદ વટાવી દેનાર શિક્ષકે પોલીસને પૂછપરછ દરમિયાન કહ્યું હતું કે, મારા ક્લાસમાં આવતી વિદ્યાર્થિની સાથે મને પ્રેમ થઈ ગયો હતો. સાથે તેણે એવી પણ કબૂલાત કરી હતી કે તે વિદ્યાર્થિનીને અલગ અલગ જગ્યાએ લઈ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.પોલીસે આ કેસમાં આરોપી શિક્ષક વિનુ કટારિયાને સાથે રાખીને સોમવારે તેના ઘર, ક્લાસિસ તેમજ જે જે જગ્યાએ દુષ્કર્મ આચર્યું હતું ત્યાં જઈને પંચનામું કર્યું હતું. શિક્ષકના જણાવ્યા પ્રમાણે પીડિત વિદ્યાર્થિની ઓગસ્ટ ૨૦૧૭થી તેના ક્લાસમાં આવતી હતી. આ દરમિયાન તેની સાથે તેને પ્રેમ થઈ ગયો હતો.આરોપી શિક્ષક ટ્યુટશન ક્લાસિસ ચલાવવા ઉપરાંત શહેરની એલેમ્બિક સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. બળાત્કારની ઘટના સામે આવ્યા બાદ સ્કૂલના તંત્રએ તેને સસ્પેન્ડ કરી દીધો છે. એટલું જ નહીં તેની સામે ખાતાકિય તપાસના પણ આદેશ કરાયા છે.

### ‘સુરતમાં જંગલરાજ’ : યુવકની જાહેરમાં ચપ્પુના ઘા મારી હત્યા

પાંડેસરા વિસ્તારમાં જાહેર એક યુવાનને ચપ્પુના ઘા મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જેથી બે બહેનોએ એકના એક ભાઈ ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસ હત્યાનો ગુનો નોંધી ચાર અજાણ્યા હત્યારાઓને પકડી પાડવાની દિશામાં તપાસ હાથ ધરી છે. પાંડેસરા વિસ્તારમાં અજય શિવકુમાર સહાની પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં બે બહેનો અને એકનો એક ભાઈ હતો. અને એરટેલ કંપનીના મોબાઈલ સિમકાર્ડ વેચી ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થતો હતો. દરમિયાન ગત રોજ ચાર જેટલા યુવાનો દ્વારા અજય પર હુમલો કરવામાં આવ્યો હતો. અજયને પહેલાં માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ જીવ બચાવવા ભાગતા અજયને દોડાવી દોડાવી ચપ્પુના ઘા મારી મરાયા હતા. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અજયને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું ટુંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. અને હત્યાનો ગુનો નોંધી હત્યારાઓને ઝડપી પાડવાની દિશામાં તપાસ હાથ ધરી છે. જોકે, હાલ હત્યાનું કારણ જાણવા મળ્યું નથી.

### અમદાવાદમાં ટેપ વગાડવાની માથાકૂટમાં યુવકની હત્યા

શહેરના બહેરામપુરા વિસ્તારમાં આવેલ મોહન દરજીની ચાલીમાં રહેતા એક ૪૦ વર્ષીય યુવકની ગઇ કાલે મોડી રાતે ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ છે. એક અઠવાડિયા પહેલાં ટેપ વગાડવાના મુદ્દે યુવકને પાડોશમાં રહેતા કેટલાક લોકો સાથે માથાકૂટ થઇ હતી, જેની અદાવત રાખીને આ ઘટના ઘટી છે.કાગડાપીઠ પોલીસ ચાર શખ્સ વિરુદ્ધમાં હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. બાળકો ભણતાં હોવાના કારણે પાડોશમાં રહેતા કેટલાક લોકોએ ટેપ ધીમે વગાડવા માટે ગિરીશભાઇને થપકો આપ્યો હતો. તે સમયે ગિરીશભાઇ અને પાડોશીઓ વચ્ચે ટેપ વગાડવાના મામલે બબાલ થઇ હતી.જોકે સ્થાનિકો વચ્ચે પડતાં મામલો શાંત પડ્યો હતો અને બન્ને વચ્ચે સમાધાન કરાવ્યું હતું. ગઇ કાલે ટેપ વગાડવાના મામલે અદાવત રાખીને ગિરીશભાઇ અને પાડોશમાં રહેતા કનૈયાલાલ ઉર્ફે કનુભાઇ ચૌહાણ, ચિરાગ મૂકેશભાઇ ચૌહાણ, રાહુલ અને તેના મિત્ર સાથે માથાકૂટ થઇ હતી.સામસામે થયેલી બબાલે એટલું ઉગ્ર રૂપ ધારણ કરી લીધું કે મામલો બીચક્યો હતો. બન્ને પક્ષ ધોકા અને પાઇપ વડે એકબીજા પર હુમલો કરવા લાગ્યા હતા. કનૈયાલાલે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને ગિરીશભાઇના પેટમાં મારી દીધી હતી. ગિરીશભાઇ લોહીથી લથપથ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા, જ્યાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

### સસ્તા દારૂમાંથી બ્રાન્ડે દારૂ બનાવવાની મિનિ ફેક્ટરી ઝડપાઇ,૨ની ધરપકડ

ગુજરાત સરકારે દારુના દુષણને નેસ્તનાબુદ કરવા તેમજ દારુબંધીના કડક અમલ માટે નવા કાયદા બનાવ્યા છે પણ, બુટલેગર અને ખેપીયાઓ દારુબંધીના કાયદાઓની ઐસીતૈસી કરી રહ્યા છે. ત્યારે વડોદરામાં બનાવટી દારૂની મીની ફેકટરી ઝડપાઇ છે. આ બનાવટી દારૂ બનાવવાનો નવો કીમિયો નિહાળી પોલીસ પણ સ્તબ્ધ થઇ ગઇ હતી.દારૂની પ્લાસ્ટિક બ્રાન્ડમાંથી મોંઘી બ્રાન્ડનો દારૂ બનાવતા હતા અને ખાસ લવિંગનો પણ ઉપયોગ કરતા હતા. પાણીગેટ પોલીસે કપુરાઈ સ્થિત ઘરમાં રેડ કરી હતી. ત્યારે બે આરોપી સહિત મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરીને કાર્યવાહી હાથ ધરી છે.થોડા મહિના પહેલા વડોદરાના માંજલપુર વિસ્તારની કલ્યાણભાગ સોસા.માં પોલીસે દરોડો પાડીને બ્રાન્ડેડ કંપનીનો વિદેશી દારૂ બનાવીને વેચવામાં આવતો હતો. દારૂ બનાવતા રાહુલ પેટેલ નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે કાર સાથે ૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.સસ્તા દારૂમાંથી બ્રાન્ડે દારૂ બનાવવાની મિનિ ફેક્ટરી ઝડપાઈ,૨ની ધરપકડઅહીં ડુપ્લિકેટ કિંગ વ્હિસ્કી અને રોયલ સ્ટ્રેગ ક્લાસિક વ્હિસ્કી બનાવવામાં આવતી હતી. પોલીસે ડુપ્લિકેટ દારુની ફેક્ટરીમાંથી વિદેશી દારૂ ભરેલી તેમજ ખાલી બોટલો, સ્પિરીટ, દેશી દારુ, માલની ડીલીવરી માટે ઉપયોગમાં લેવાતી એક કાર સહિત રૂપિયા ૧.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## પાંડેસરામાં ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચ્યો

(પ્રતિનિધિ) સુરત,

પાંડેસરામાં એક ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. બાળકીના શરીર પરથી મારના નિશાન ને લઈ અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જોકે હજી સુધી ૪ વર્ષની બાળકીની કોઈ ઓળખ ન થતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.પાંડેસરાના વડોદ ગામ નજીકથી એક ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. રાહદારીઓએ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને તપાસ હાથ ધરી હતી. જેમાં બાળકીના શરીર પર મારના નિશાન મળી આવતા પોલીસ દ્વારા હત્યાની આશંકા સેવવામાં આવી રહી છે. જ્યારે પોલીસ દ્વારા હાલ બાળકીની ઓળખની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

# શ્રી સત્ય સાઇ સેવા સંસ્થા, ભારત દ્વારા માનવ મૂલ્યો અને કાનૂન વ્યવસાય પર પ્રશાંતિ નિલાયમ ખાતે ૧૧-૧૨ ઓગસ્ટ ૨૦૧૮ પરિષદ

(પ્રતિનિધિ) અમદાવાદ,

ન્યાયતંત્રની ભૂમિકા અને માનવ મૂલ્યોને મજબૂત બનાવવા માટે મંતવ્યો, વિચારો તથા માર્ગોના સૂચનો મેળવવા શ્રી સત્ય સાઈ સેવા સંસ્થા દ્વારા ૧૧ અને ૧૨ ઓગસ્ટના, યોજાનારી બે દિવસની પરિષદમાં ન્યાયતંત્ર, જજો અને કાયદા વિશારદોની હાજરીનું પ્રશાંતિ નિલાયમ સાક્ષી બનશે. માનવ મૂલ્યો અને કાનૂન વ્યવસાયના વિષય હેઠળની બે દિવસની આ પરિષદમાં દેશભરના ધારાશાસ્ત્રી, ખંડપીઠ અને આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને આમંત્રણ છે. માનવ અધિકારો અને મૂલ્યોના મહત્વ પર પ્રકાશ પાડવા અને આ ઉમદા કાર્યના ફેલાવા માટે ભારતના માનદ્ ચીફ જસ્ટિસ દીપક મિશ્રા પોતે ઉદ્ઘાટન સમારંભ વેળાએ હાજર મહેમાનોને સંબોધશે.માનદ્ ન્યાયમૂર્તિ એસ. જે. મુખોપાધ્યાય, ચેરમેન, એનસીએલટી અને ભારતની સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જજની આગેવાની હેઠળની તથા ભારતની વિવિધ હાઈકોર્ટના વર્તમાન જજોના સમાવેશ સાથેની પેનલ માનવના બંધારણિય હક્કો અને મૂલ્યો પર વ્યાપક ચર્ચા કરશે. ભારતની સુપ્રીમ કોર્ટના જજ માનદ્ ન્યાયમૂર્તિ એન. વી. રમણ તથા ભારતની સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ માનદ્ ન્યાયમૂર્તિ અમિતવા રોય માનવ મૂલ્યો વધારવામાં ન્યાયતંત્રની ભૂમિકા પર પ્રકાશ પાડશે. કાયદાકીય વ્યવસાયમાં નૈતિકતા અને પ્રમાણિકતા પરના સત્રમાં આન્ધ્ર પ્રદેશ તથા તેલંગણાની હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ટી. બી. રાધાકૃષ્ણન અધ્યક્ષ સ્થાને રહેશે. મુખ્ય ન્યાયમૂર્તિ રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની પેનલમાં દેશની વિવિધ હાઈકોર્ટના વર્તમાન જજોનો પણ સમાવેશ રહેશે. આ કાર્યક્રમમાં ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અને શ્રી સત્ય સાઈ યુનિવર્સિટીના ભૂતપૂર્વ ચાન્સેલર એમ. એન. આર. વેંકટાચલ્લૈયાનું સન્માન પણ કરાશે. શ્રી સત્ય સાઈ બાબા, તેમની સંસ્થાઓ અને તેમના સંદેશ સાથે સંકળાયેલા વકીલમંડળ તથા ખંડપીઠના અનેક આગેવાન કાયદા વિશારદોમાં વેંકટાચલ્લૈયાનોપણ સમાવેશ થાય છે. માનવ પ્રકૃતિનો યોગ્ય અભ્યાસ એજ માનવતા છે એમ શ્રી સત્ય સાઈ બાબા ભારપૂર્વક જણાવે છે. તેમના સિદ્ધાંતો પાંચ મજબૂત પાયાઓ પર આધારિત છે આ પાયાઓ એટલે કે, સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા. માનવ રચના એ ઈશ્વરની શ્રેષ્ઠ રચના છે અને માનવ મૂલ્યો એ માનવતાનું અર્ક છે અને દરેકને આ વારસાગત દૂવી જ્ઞાન પ્રાપ્ત કરવાની તક



મળવી જોઈએ એટલું જ નહી પરંતુ માનવ શ્રેષ્ઠતાને ખીલવવાની પણ તક મળવી જોઈએ, એમ તેમનો સંદેશ છે.ભારતના બંધારણની પ્રસ્તાવના ભારતના દરેક નાગરિકને જાતિ, રંગ, માન્યતા, સંપ્રદાય અને ધર્મથી પરે રહીને શ્રેષ્ઠ જીવન જીવવાના હક પૂરા પાડે છે. એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે ભારત તેના નાગરિકો પ્રત્યે આદરભાવ ધરાવે છે.દેશનું ન્યાયતંત્ર માનવ મૂલ્યોનું કસ્ટોડિઅન છે અને ભારતના નાગરિકોના બંધારણિય હક્ક જાળવવામાં અને જતન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે એટલું જ નહી તે નાગરિકોના અધિકારોમાં વધારો પણ કરે છે. સમય પસાર થવા સાથે અને સામાજિક ધોરણો બદલાવા સાથે માનવ મૂલ્યોના જતન કરવામાં ન્યાયતંત્રની ભૂમિકા પણ મજબૂત બનવી આવશ્યક છે તથા ભારતના બંધારણમાં આવરી લેવાયેલા સિદ્ધાંતો અને મૂલ્યોને મજબૂત બનાવવાની તેની જવાબદારી પણ છે. આ આધુનિક વિશ્વમાં માનવ મૂલ્યો અને હક્કોના જતનને આગળ વધારવા એજ આ પરિષદનો પ્રયાસ છે.

# એપ્સો શિક્ષા ઉદ્યોગને કેવી રીતે બદલી નાંખ્યો છે

(પ્રતિનિધિ) અમદાવાદ,

મોબાઇલ એપ્લિકેશન, એક તકનીકી બ્રેકથ્રુ છે જેણે તેજ સંચારનો રસ્તો ખોલી આપ્યો છે. એટલે આ સમય બચાવે છે અને લોકોના જીવનને આસાન બનાવે છે. આજે એવા કોઇ ઉદ્યોગ નથી જે એપ્લિકેશનનો ઉપયોગ ના કરતા હોય અથવા તેમની આવશ્યકતા ના હોય.કેરિયર લિફ્ટના સીઇઓ નિતિલ ગુપ્તા કહે છે, ભારતમાં મોબાઇલ એપ્સનો ઉપયોગ લગભગ બધા ઉદ્યોગોમાં કરવામાં આવી રહ્યો છે, બેન્કિંગ અને ફાઇનાન્સથી લઇને મીડિયા, એન્ટરટેઇનમેન્ટ, હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, ઓનલાઇન બિઝનેસ અને શિક્ષા ઉદ્યોગ. શિક્ષા ક્ષેત્રમાં એપ એવા લાભ પ્રદાન કરે છે જેણે માત્ર સેવા પ્રદાતાના કાર્ય સરળ બને છે પરંતુ વિદ્યાર્થી દ્વારા એપની પહોંચને વધારે સુવિદ્યાજનક મળી આવ્યું છે અને તે બધી જાણકારીની સાથે અપડેટ રાખે છે.કેરિયર લિફ્ટની મોબાઇલ એપ્લિકેશનની સાથે સંસ્થાન પોતાનું જ્ઞાનવર્ધક અને સહયોગાત્મક ઈકોસિસ્ટમ બનાવી શકે છે. એનાથી તે પોતાના વિદ્યાર્થીઓને નિયમિત રૂપથી અપડેટ રાખી શકે છે અને તેમના કેરિયરમાં તેમને આગળ વધારવામાં મદદ કરી શકે છે.

શૈક્ષણિક મોબાઇલ એપની સહાયતાથી સંસ્થાનોને આ ઉદ્દેશ્ય મેળવી શકાય છે -

૧. શીખવાની નવી રીત - એપ્સે જ્ઞાન આપવાની રીતને બદલી નાંખ્યો છે. તેને શીખવું વધારે સહયોગાત્મક અને મજેદાર બનાવ્યું છે. એપ્સે એવું પ્લેટફોર્મ બનાવ્યું છે જ્યાં વિદ્યાર્થીઓને માત્ર એક બટન ટેપ કરીને સંપર્ક કરવું સરળ છે. તેનાથી શીખવાનું નવો યુગનો ઉદય થયો છે.

૨. સશક્ત સંવાદ - શિક્ષા ઉદ્યોગને એપ દ્વારા આપવામાં આવેલ સૌથી મહત્વપૂર્ણ લાભ એ છે કે આ સંચારનું સશક્ત માધ્યમ પ્રદાન કરે છે. સંચારના આ સરળ રીતને બધી પ્રક્રિયાઓને પ્રભાવિત કર્યા છે જેનાથી વિદ્યાર્થીની સાથે સારો સંબંધ બને છે જે સંસ્થાનોની પહોંચથી બહારની વાત હોય છે. એક સારી મોબાઇલ એપ શિક્ષકોની સુવિદ્યા આપે છે કે તે પ્રશ્નોના જવાબ આપી શકે જેનાથી પારદર્શિતા બને અને વધારે વિશ્વાસ નિર્મિત થઇ શકે.

૩. નોટિફિકેશન અને એલર્ટ - એપ્સના હેઠળ, વિદ્યાર્થીઓને સંસ્થાનોની તરફ તરત નોટિફિકેશન અને એલર્ટ મળી જાય છે, જેમકે બેન્ચ શિડ્યુલ બદલવા તથા પરીક્ષા, મોક પરીક્ષાઓ, વિશેષ સેશન, ગેસ્ટ લેક્ચર, ઓનલાઇન પરીક્ષાઓ સંબંધિત સૂચનાઓ વગેરે. તેમના મોબાઇલ પર સંસ્થાનના એપ્સ હોવાથી વિદ્યાર્થીઓને કોઇ પણ અપડેટ માટે કેમ્પસ નહીં જવું પડતું.

૪. ઓનલાઇન સૂચના સ્ત્રોત - એપ્સને એક ખૂબ જ ઉપયોગી સૂચના સ્ત્રોતના રૂપમાં નિર્મિત કરી શકાય છે. વિદ્યાર્થી કેટલીક સ્ટડી મટેરિયલ્સ, મોક પરીક્ષા પેપર વગેરે એપ હેઠળ એક્સેસ કરી શકે છે. તેનાથી વિદ્યાર્થી યાત્રા પર હોવા છતાં પોતાને અપડેટ રાખી શકે છે.

શૈક્ષણિક એપથી આવાથી શિક્ષણ અને શીખવામાં રચનાત્મક બદલાવ આવી શકે છે જેનાથી સંસ્થાનોંને ઉદ્યોગ જગતમાં મુખ્ય હોવામાં સહાયતા મળી શકે છે.

## કેપિટલ માર્કેટમાં લોન્ચ કરશે પાવરફુલ ટેક્નોલોજીસ : 9 ઓગસ્ટે ખુલશે IPO

(પ્રતિનિધિ) અમદાવાદ,

એલઇડી ટીવી સેટ્સ અને મોબાઇલ પાવર બેન્ક જેવા કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ બનાવાવાળી મુખ્ય કંપની પાવરફુલ ટેકનોલોજીસ પોતાના ઇનિશિયલ પબ્લિક ઓફરીંગ (આઇપીઓ) ની સાથે મૂડીબજાર (કેપિટલ માર્કેટ) માં લોન્ચ કરવા જઇ રહી છે. તેનો આઇપીઓ ૯ ઓગસ્ટે ખુલશે અને ૧૪ ઓગસ્ટે બંધ થશે. કંપનીના મેનેજર આદિત્ય ગુપ્તાએ જણાવ્યું કે, શરૂઆતથી જ અમારી કંપની નફો કરી રહી છે અને અમારી પાસે હાલની બ્રાન્ડ તથા સંબંધિત ઇન્ડસ્ટ્રીઝના ચાલતાં અમારા માટે ભવિષ્યમાં સંભાવનાઓ વધારે છે. આઇપીઓ માટે રોકાણકારો પાસેથી સારી પ્રતિક્રિયા મળવાનો વિશ્વાસ છે. આઇપીઓથી મળેલ ફંડથી અમને વિસ્તાર યોજનાઓના ફાઇનાન્સિંગમાં મદદ મળશે.નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) ના એસએમઇ પ્લેટફોર્મ એનએસઇ ઇમર્જ પર તેને સૂચીબદ્ધ કરાવાનો પ્રસ્તાવ છે. નોઇડાની મેન્યુફેક્ચરીંગ એકમનું સંચાલન કરવાવાળી કંપની આઇપીઓથી મળેલ ધનરાશિનો ઉપયોગ તે પોતાની વર્કિંગ કેપિટલની જરૂરતોને પૂરા કરવા માટે કરશે.કંપનીના પ્રવર્તક નિતિન છાબડા, કરૂણા છાબડા અને આદિત્ય ગુપ્તાએ કંપનીની સ્થાપના ફેબ્રુઆરી, ૨૦૧૫ માં કરી હતી. શરૂઆતમાં કંપની ‘પાવરઆઇ’ અને ‘લૈપીમાસ્ટર’ બ્રાન્ડના અંતર્ગત મોબાઇલ પાવર પ્રોડક્ટ્સ વેચતી હતી. હવે કંપની પોલરોઇડ બ્રાન્ડના એલઇડી ટીવી અને એલઇડી મોનિટર તથા કોડક બ્રાન્ડની પાવરબેન્કના મેન્યુફેક્ચરીંગ અને વેચાણ માટે અધિકૃત લાઇસેંન્સી / માન્યતા પ્રાપ્ત મેન્યુફેક્ચરર છે. આ બંને અમેરિકાના લોકપ્રિય બ્રાન્ડ્સમાં સામેલ છે.૨૦૧૭-૧૮ માં પાવરફુલ ટેકનોલોજીસે ઓપરેશનથી ૬૨ કરોડ રૂપિયાનું ગ્રોસ રેવેન્યુ અર્જિત કર્યું હતું. કંપની શરૂઆતથી જ સતત નફો કરી રહી છે. ૨૦૧૭-૧૮ માં કંપનીનું પ્રોફીટ બિફોર ટેક્સ (પીબીટી) ના માર્જિન ૯.૯૩ ટકા રહ્યો હતો.કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ૩૫ વર્ષીય આદિત્ય ગુપ્તા પહેલા પાયોનિયર કમ્પ્યુટ્રોનિક્સમાં સહ પ્રવર્તક હતા. જે આઇટી અને ટેલીકોમ્યુનિકેશન ઉત્પાદોથી જોડાયેલી કંપની છે અને ૨૦૧૬-૧૭ માં કંપનીનું ટર્નઓવર ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે થઇ ગયું અને આ સતત વધી રહ્યું છે.૩૭ વર્ષીય કરૂણા છાબડા પાવરફુલ ટેકનોલોજીસની એક પ્રવર્તક અને નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તેમને એચઆર અને પ્રશંસનિક કિસ્સામાં મોટો અનુભવ છે.કેપિટલ માર્કેટમાં લોન્ચ કરશે પાવરફુલ ટેકનોલોજીસ - ૯ ઓગસ્ટે ખુલશે આઇપીઓ કંપનીના એક અન્ય પ્રવર્તક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ૪૦ વર્ષીય નિતિન છાબડા એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ છે. સમૂહના કારોબારને વધારવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે.

# શિબુલાલ પરિવારની ધર્માદા પહેલો વિદ્યાધન ગુજરાતમાં લોન્ચ કરાઇ

(પ્રતિનિધિ) અમદાવાદ,

શ્રીમતી કુમારી શિબુલાલ (એસડીએફના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી) અને એસ. ડી. શિબુલાલ (એસડીએફના ટ્રસ્ટી અને ઈન્ફોસીસના સહ-સ્થાપક) દ્વારા સ્થાપિત સ્કોલરશિપ પ્રોગ્રામ વિદ્યાધન ગુજરાતમાં વિધિસર રીતે રજૂ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વિદ્યાધન રજૂ કરવા સાથે આ સ્કોલરશિપ દક્ષિણીય અને પશ્ચિમી ભારતમાં આઠ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પોતાની પહોંચ ધરાવે છે. સ્કોલરશિપમાં અગિયારમા ધોરણથી ઉચ્ચ શિક્ષણ આવરી લેવાશે. જેમાં નાણાકીય જરૂરત, પાત્રતા, કોર્સ અને મુદતને આધારે વાર્ષિક રૂ. ૬,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ ની શ્રેણીમાં વાર્ષિક ફી આપવામાં આવશે.ગુજરાતમાં મુલાકાત દરમિયાન એસડીએફના ટ્રસ્ટી અને ઈન્ફોસીસના સહ-સ્થાપક એસ. ડી. શિબુલાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિદ્યાધન રજૂ કરવામાં અમને બેહદ ખુશી થાય છે. અમે આગામી ૫-૭ વર્ષમાં ૧,૦૦,૦૦૦ સ્કોલરશિપ પૂરી પાડવાનો પ્રયાસ કરીશું. વિદ્યાર્થીઓને મળવું તે ઉત્તમ અનુભવ છે. કારણ કે, તેઓ બધા હોશિયાર અને આકર્ષક છે. અમે ગુજરાતમાંથી સ્કોલરશિપ માટે દર વર્ષે ૧૦૦ પાત્ર વિદ્યાર્થીઓની પસંદગી કરીશું.વિદ્યાધન ૨૦૧૭ થી




ગુજરાતમાં ૫૦ વિદ્યાર્થીઓને ટેકો આપી રહી છે, જે બધાએ બહુ જ ઉત્તમ કામગીરી નોંધાવી છે. શૈક્ષણિક સ્કોલરશિપ ઉપરાંત વિદ્યાધન બધા વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કિલ્સમાં તાલીમ, રોજગારક્ષમતા અને કારકિર્દી માર્ગદર્શન જેવી સેવાઓ પણ આપશે. વિદ્યાર્થીઓને અગિયારમા ધોરણથી સ્કોલરશિપની રકમમાં યોગ્ય વધારા સાથે તેમની અંડરગ્રેજ્યુએટ ડિગ્રી (૫ થી ૭ વર્ષ) પૂર્ણ થવા સુધી સ્કોલરશિપ પ્રાપ્ત થવાનું ચાલુ રહેશે. જો કે તે માટે વિદ્યાર્થીઓએ ઉત્તમ શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે અને પ્રોફેશનલ કોર્સ સહિત ભાવિ અભ્યાસ માટે મેરિટ ક્વોટામાં પ્રવેશ મેળવવાનો રહેશે.આ લોન્ચ વિશે બોલતાં યુવા અનસ્ટોપેબલના સ્થાપક અમિતાભ શાહે જણાવ્યું હતું કે, અમને એસડીએફ સાથે ભાગીદારી કરવાની બેહદ ખુશી છે. કારણ કે, તેમણે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાધન સ્કોલરશિપ પ્રોગ્રામ વિસ્તાર્યો છે. વિદ્યાધન તાલીમ અને મેન્ટરિંગથી તેમના વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દીના નિયોજનમાં મદદ થશે. અમે બંને પે ઈટ ફોર્વર્ડ સંકલ્પનામાં માનીએ છીએ, જેના થકી દરેક વિદ્યાધન વિદ્યાર્થીઓ ભવિષ્યમાં અન્ય વિદ્યાર્થીનું શિક્ષણ પ્રાયોજિત કરવા વચનબદ્ધ બને છે, જેને લીધે આ ગુણાંકી પ્રભાવ બની રહેશે.



## પર્વતારોહણને લગતા ટુંકાગાળાના વિવિધ તાલીમ શિબિરોનું આયોજન

**(પ્રતિનિધિ) જામનગર,**

ગુજરાતના બાળકો તથા યુવક-યુવતીઓના શારીરિક તથા માનસિક વિકાસ માટે તથા સાહસિક ભાવનાઓ કેળવાય તે માટે રાજ્ય સરકારના રમત ગમત, યુવક સેવા અને સાંકૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ તથા પંડિત દિન દયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલિમ કેન્દ્ર, ગીરનાર જુનાગઢ મુકામે ૨૦૧૮-૧૯ ના બીજા સત્રાના પર્વતારોહણને લગતા ટુંકાગાળાના વિવિધ તાલીમ શિબિરો આગામી સપ્ટેમ્બર-૧૮ થી ફેબ્રુઆરી-૧૯ દરમ્યાન યોજવામાં આવનાર છે. જેમાં એડવેન્ચર ટ્રેનિંગ કોર્ષ, એડવાન્સ ખડક ચઢાણ કોર્ષ, કોચિંગ ખડક ચઢાન કોર્ષ, આર્ટિફિશિયલ ખડક ચઢાણ કોર્ષની તાલિમ આપવામાં આવશે.

## રાજપીપલા ખાતે ઇશ્વરસિંહ પટેલ અને દેડીયાપાડા ખાતે વાસણભાઇ આહિરની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની થનારી ઉજવણી

**(પ્રતિનિધિ) રાજપીપલા,**

આગામી તા. ૯ મી ઓગષ્ટ, ૨૦૧૮ ને ગુરૂવારના રોજ વિશ્વ આદિવાસી દિવસની થનારી ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ આ ઉજવણીના અંતર્ગત હાથ ધરાનારા કાર્યક્રમોના સુચારા આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાએ ગઇકાલે રાજપીપલા કલેક્ટરાલય ખાતે બેઠક યોજીને સંબંધિત અમલીકરણ અધિકારીઓને સોંપાયેલી જવાબદારીઓ સુપેરે નિભાવવા જરૂરી સૂચનાઓ આપી હતી. વિશ્વ આદિવાસી દિવસની થનારી જિલ્લોકક્ષાની ઉજવણી અંતર્ગત જિલ્લામાં રાજપીપલા મુખ્યમથક અને દેડીયાપાડા ખાતે યોજાનારા કાર્યક્રમમાં ધો-૧૦ અને ૧૨ માં ગત વર્ષના તેજસ્વી આદિવાસી વિદ્યાર્થીઓ, રાજ્ય કે રાષ્ટ્રી યકક્ષાના આદિવાસી રમતવીરો, સમાજસેવા કે અન્ય ક્ષેત્રે અગ્રણી આદિવાસી મહિલા આગેવાનો, પ્રગતિશીલ આદિવાસી ખેડૂતો-પશુપાલકો, સમાજસેવા કે અન્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે આદિવાસી અગ્રણીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાશે. તદ્ઉપરાંત આદિવાસી લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ પણ કરાશે.ગુજરાતના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વાહન વ્યવહાર અને સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં તા. ૯ મી ઓગષ્ટ, ૨૦૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે રાજપીપલા પ્રાંત કચેરી નજીક નંદરાજાની પ્રતિમા પાસે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે, જેમાં સંસદસભ્યશ્રી રામસિંહભાઇ રાઠવા, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી પંકજભાઇ ભટ્ટ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહેશે. તેવી જ રીતે ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણ વિભાગના રાજ્ય મંત્રીશ્રી વાસણભાઇ આહિરની ઉપસ્થિતિમાં પણ આ દિવસે સવારે ૧૦-૦૦ કલાકે નર્મદા જિલ્લાયના દેડીયાપાડા તાલુકા મથકે શ્રી એ.એમ. બારોટ હાઇસ્કુલ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે, જેમાં સંસદસભ્યશ્રી મનસુખભાઇ વસાવા અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના અધ્યક્ષશ્રી નિતીનભાઇ પેથાણી તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહેશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સમાજનો બહોળો વર્ગ આદિવાસી સંસ્કૃતિથી અવગત થાય અને દેશની આઝાદી માટે આદિવાસી સ્વાતંત્ર્યવીરોએ આપેલા યોગદાન વિશે જાણકારી મેળવે અને રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિકાસ માટેની યોજનાઓથી અંતરિયાળ આદિવાસી વિસ્તારના લોકો પરિચિત થાય તેવો હેતુ આ ઉજવણીનો રહેલો છે.

## પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના પત્રકારત્વ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

**(પ્રતિનિધિ) પાટણ,**



પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીના પત્રકારત્વ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષશ્રી આનંદભાઇ પટેલ, શિક્ષકશ્રી ભરતભાઇ ચૌધરી અને વિદ્યાર્થીઓ દ્વારા લીમડો, લીંબોડી, જાંબુ, સહીતના વૃક્ષોની તરૂયાત્રા કાઢી હતી. ત્યારબાદ વૃક્ષારોપણ કરી, આ વૃક્ષોનું પૂજન કરી અને તેની રક્ષા કરાય તે માટે તેને રાખડી બાંધી જતન કરવાનું વચન લીધું હતું . વર્તમાન સમયની સૌથી સળગતી સમસ્યા છે ગ્લોબલ વૉર્મિંગ, અને આ સમસ્યાનું એક જ સમાધાન છે વૃક્ષારોપણ, અને તે દિશામાં આગળ વધવા જનજાગૃતિ જરૂરી છે ત્યારે શાળાથી લઇ મહાશાળા અને મેટ્રો સીટીથી લઇ છેવાડાના ગામડા સુધી સૌ કોઈ આ મહાભિયાનમાં જોડાય ત્યારે જ આ કોન્ક્રીટના વધતા જંગલોની વચ્ચે વૃક્ષ આચ્છાદિત જંગલો જોવા મળશે ત્યારે આવા ઉમદા વિષય પરત્વે પત્રકારત્વ વિભાગે પણ વૃક્ષારોપણ કર્યું હતું. એટલુ જ નહિ તેમાં પણ જીવ છે, તે પણ ભગવાન નું સ્વરૂપ છે તે દર્શાવવા માટે "વૃક્ષ માં વાસુદેવ છે ",તરું માં ધરણીધર છે" તેવા સૂત્રો સાથે તરૂયાત્રા કાઢી હતી , વૃક્ષારોપણ તો ચોમાસા દરમ્યાન થતું હોય છે પરંતુ ત્યારબાદ તેની જાળવણી કેવી રીતે કરવી તે પણ અગત્યનું છે ત્યારે રક્ષાબંધનનું પર્વ જેમ ભાઈની રક્ષાના આશીર્વાદ માટે બહેન રાખડી બાંધે છે તેમ આજે પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ પણ વૃક્ષારોપણ બાદ તેમને રાખડી બાંધી હતી અને તેને ઉછેરવાની પણ જવાબદારી લીધી હતી સમગ્ર કાર્યક્રમનું સંકલન પત્રકારત્વ વિભાગના શિક્ષકશ્રી ભરતભાઇ ચૌધરી એ કર્યું હતું. અને વિદ્યાર્થીને ગ્લોબલ વૉર્મિંગની અસરો વિષે સમજાવ્યું હતું. આ ઉપરાંત ગામડાઓ સુધી આ સંદેશ પહોચે તે માટે વિધાર્થીઓને પણ સક્રિય ભૂમિકામાં રહેવા જણાવ્યું હતું.

## રૂ.૧.૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઇવીએમ સ્ટ્રોંગરૂમ-વેરહાઉસનું જિલ્લા કલેક્ટર નિનામાના હસ્તે થયેલું ખાતમુહુર્ત



**(પ્રતિનિધિ) રાજપીપલા,**

નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી આર.એસ. નિનામાના હસ્તે રાજપીપલા કલેક્ટરાલય સંકુલમાં જિલ્લા સેવા સદન પાછળ જિલ્લા આયોજન ભવનની બાજુમાં અંદાજે રૂ.૧.૫ કરોડના ખર્ચે તૈયાર થનારા ઈવીએમ સ્ટ્રોંગરૂમ-વેરહાઉસનું ખાતમુહુર્ત કરાયું હતું. અંદાજે ૭૫૦ સ્ક્વેર મીટર ક્ષેત્રફળ વિસ્તારમાં બંધાનારા આ વેરહાઉસમાં અંદાજે ૨૦૦૦ જેટલા ઈવીએમ મશીનનું સ્ટોરેજ કરી શકાશે. આ સ્ટ્રોંગરૂમ-વેરહાઉસનું બાંધકામ આગામી ત્રણ માસમાં પૂર્ણ થાય તેવો અંદાજ છે. આ ખાતમુહુર્ત પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બી.બી. મોડીયા, જિલ્લા આયોજન અધિકારીશ્રી આઇ.બી. પટણી, રાજપીપલાના પ્રાંત અધિકારીશ્રી આર.એમ. ચૌધરી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એન.યુ. પઠાણ, નાંદોદ મામલતદારશ્રી શેખ, ચીટનીશ અને જનસંપર્ક અધિકારીશ્રી સોની, કાર્યપાલક ઈજનેરશ્રી આઇ. વી. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પાડવી, ચૂંટણી શાખા સહિત જિલ્લા કલેક્ટર કચેરીના મહેસૂલી પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## વિશ્વ આદિવાસી દિવસ ૯મી ઓગસ્ટે માનગઢ ખાતે હજારોની સંખ્યામાં રાજસ્થાન-મધ્યપ્રદેશ અને ગુજરાતમાંથી માનવ મહેરામણ ઉમટી પડશે

**(પ્રતિનિધિ) લુણાવાડા,**




રીઓ-ડી જાનેરો બ્રઝીલમાં પૃથ્વી પરિષદયોજી હતી જેમાં ૬૮ જેટલા દેશોના ૪૦૦ જેટલા આદિવાસી આગેવાનો ભેગા થયા હતા અને ગહન ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે ૯મી ઓગસ્ટને દર વર્ષે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૯૪થી આ દિવસને સંયુક્ત રાષ્ટ્રે ઉત્સાહભેર ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જુદા જુદા રાષ્ટ્રો, દેશ અને દુનિયા તથા રાજ્યોમાં જન જાગૃતિ પર્યાવરણ, વિશ્વ બંધુત્વની ભાવના વિકસે તે માટે સાથે સાથે માનવ માનવ વચ્ચે સદભાવ સમરસતા વિકશે તેવા મૂળ ઉદેશથી આ દિવસને વિશેષ મહત્વ આપવામાં આવે છે. અને આદિજાતિના લોકો દ્વારા અપાયેલા બલિદાનને પણ યાદ કરવામાં આવે છે. ત્રિભેટે આવેલો માનગઢ પર્વત ગુરૂગોવિંદની ધૂણી અને તા. ૧૭-૧૧-૧૯૧૩ ના રોજ માનગઢ હત્યાકાંડ અંગ્રજો સામે આપેલા બલિદાન અને આઝાદી જંગના ભીલોના ભેરૂ એવા ગોવિંદ ગુરૂની ચળવળ અને જાગૃતિએ જગતમાં સૌનું ધ્યાન આકર્ષિત કર્યું છે તેમણે સંપસભાના ભક્તિ ચળવળ ભગત પંથના માધ્યમથી ૧૮૦૦ ધૂણીઓ ૭૨ જેટલા જનકલ્યાણ કેન્દ્રો દ્વારા ૭ લાખ ભક્તોનું જાગરણ કરવામાં આવ્યું હતું. આ અણમોલ કાર્યને તાજેતરમાં ગોધરા ખાતે શ્રી ગુરૂગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના કરી તેમના કાર્યોની જ્યોત વધું પ્રજવલ્લીત કરી છે. ભક્તિ સાથે ભણતરને વિસ્તારતો મંત્ર બનાવ્યો કુરિવાજો ત્યજી સંસ્કાર સિચનનું મોટુ કાર્ય કરવામાં આવ્યું હતું માનગઢની ધૂણી એ આજે પણ ભીલો ભક્તિભાવ આસ્થા શ્રધ્ધા સાથે સ્વયંભૂ ઉમટી પડે છે. આજે આ માનગઢ પર્વત ધૂણી ખાતે ત્રણ રાજ્યોના લોકો ૯ મી ઓગસ્ટ ૨૦૧૬ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ઉમટી પડશે અને માનવ મહેરામણમાં ફેરવાશે. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલું આ સ્થળ પહાડો પ્રકૃતિ વનરાજી અને ખળખળ વહેતા ઝરણાથી રમણીય અને આહલાદક સ્થળ છે. આ દિવસની ઉજવણી પ્રસંગે દરેક લોકો દ્વારા સ્વયભૂ શુભેચ્છાઓ પાઠવતા બેનર્સ પોસ્ટર પત્રિકાઓ લગાડવામાં આવી છે. યુવાનો વડીલો બાળકોમાં આ દિવસ નિમિત્તે અનેરો ઉત્સાહ અને આકર્ષણ જોવા મળે છે. આસપાસના ગામોના સરપંચશ્રીઓ કાર્યકરતાઓમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરશ્રી વિજયસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી મીટીંગ હોલ ખાતે આ ઉજવણીના આયોજન અંગે બેઠક કરી હતી અને આ અંગેનું આયોજન ઘડી કાઢવામાં આવયું હતું. જેમાં પોલીસ તંત્ર તથા વહીવટી તંત્ર દ્વારા પણ ઉજવણીમાં સહયોગ અને એકતા ભાઇચારાના દર્શન થાય છે. સૌનો સાથ સૌનો સાથ સહકાર મંત્રને લઇ સૌ લોકો આગળ ધપી રહ્યા છે.

## નર્મદા જિલ્લામાં રાજપીપલા ખાતે "મહિલા શિક્ષણ દિવસ" ની થયેલી ઉજવણી

**(પ્રતિનિધિ) રાજપીપલા,**



નર્મદા જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની થઇ રહેલી ઉજવણીના ભાગરૂપે આજે રાજપીપલાના મુખ્યમથકે નર્મદા જિલ્લા પંચાયત ભવનના કોન્ફરન્સ હોલ ખાતે આઇસીડીએસના પ્રોગ્રામ ઓફિસરશ્રી આર.આર. ભાભોર તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મિશન મંગલમના ડીએલએમ શ્રીમતી ભાવનાબેન બારીયા સહિત જિલ્લા પંચાયત અને જિલ્લા સેવા સદનની મહિલાઓની ઉપસ્થિતિમાં "મહિલા શિક્ષણ દિવસ" ની ઉજવણી કરાઇ હતી. પ્રોગ્રામ ઓફિસરશ્રી આર.આર. ભાભોરે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં ભારતના જુદા જુદા ક્ષેત્રોમાં નામના મેળવનાર સફળ મહિલાઓની સફળતા અંગે ઉદાહરણ સહિત વિસ્તૃત ચર્ચા સાથે જરૂરી જાણકારી આપી તેમના જીવનમાંથી મહિલાઓને પ્રેરણા લઇ શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરવા તેમણે ખાસ અનુરોધ કર્યો હતો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મિશન મંગલમના ડીએલએમ શ્રીમતી ભાવનાબેન બારીયા દ્વારા મહિલાઓના શિક્ષણ વિશે વિસ્તૃત સમજ અપાઇ હતી. આઇ.સી.ડી.એસ.ના સુશ્રી ઋતુબેન ટેકવાની તરફથી જે તે ક્ષેત્રોમાં મહિલાઓની શ્રેષ્ઠ કારકિર્દી ઘડતરની તકો અંગેના માર્ગદર્શન સહિત આરોગ્ય-પોષણ બાબતે પણ વિગતવાર જાણકારી પૂરી પાડીહતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓને ગુજરાતની યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને તેમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના અભ્યાસક્રમો અંગે જરૂરી માહિતી પૂરી પડાઇ હતી.

## ટ્રાફિક ઝુંબેશ કામ ચલાઉ ન હોવી જોઇએ : ગુજરાત હાઇકોર્ટ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ગુજરાત હાઈકોર્ટમાં સોમવારે અમદાવાદ શહેરના બિસ્માર રસ્તાઓ, ટ્રાફિક અને પાર્કિંગ મુદ્દે હાઇકોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં હાઇકોર્ટે સરકારને ટકોર કરતા કહ્યું હતું કે શહેરમાં અત્યારે ચાલુ કરવામાં આવેલી ટ્રાફિક ઝુંબેશ કામચલાઉ ન હોવી જોઈએ. સાથે જ કોર્ટે લોકોને વ્યવસ્થિત પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા આપવાની પણ ટકોર કરી હતી.



હાઈકોર્ટમાં શહેરના રસ્તાઓની ખરાબ હાલત, રસ્તાઓ પર રખડતા ઢોર અને રસ્તાઓ પર કરવામાં આવેલા દબાણો પર હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે ટ્રાફિક મામલે રાજ્ય સરકાર અને અન્ય વિભાગોને નોટિસ પાઠવી હતી. કોર્ટે સરકારને પાર્કિંગ પોલીસી અને ફરી સર્વે કરવાનો આદેશ કર્યો હતો.હાઈકોર્ટે કહ્યું હતું કે શહેરમાંથી ટ્રાફિકની સમસ્યાને સાવ દૂર કરવામાં આવે. લોકોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન પડવી જોઈએ. સાથે જ કોર્ટે પબ્લિક ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરોને ટકોર કરી હતી કે તેઓ રોડ પર નહીં પરંતુ બસ સ્ટેન્ડની અંદર પોતાની બસો પાર્ક કરે જેનાથી રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા ન ઉદભવે. આ મુદ્દે કોર્ટે મંગળવારે વચગાળાનો આદેશ કરી શકે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કોર્ટમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે ઢોર પકડવા જતાં લોકો અધિકારીઓ પર હુમલા કરે છે, આ મુદ્દે કોર્ટે કહ્યું હતું કે કાયદાકીય પગલાઓથી સમસ્યાનો નિકાલ લાવો. શહેરમાં તમામ આયોજનો ૨૦ વર્ષને ધ્યાનમાં રાખીને કરવામાં આવે. જરૂર પડે તો જીડીસીઆરમાં પણ ફેરફાર કરવામાં આવે. કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે ટ્રાફિક ડ્રાઈવ કામચલાઉ ન હોવી જોઈએ.

## પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ અને જુનાગઢ ખાતે ગુજરાતના બાળકો, યુવાનો માટે શિબિરો યોજાશે

**(પ્રતિનિધિ) પાલનપુર,**

ગુજરાતના બાળકો તથા યુવક-યુવતીઓનો સર્વાંગી વિકાસ થાય તથા સાહસિક ભાવના કેળવાય તે માટે રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગર દ્વારા સંચાલિત સ્વામી વિવેકાનંદ પર્વાતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુ તથા પંડિત દિનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર- ગિરનાર, જુનાગઢ મુકામે- ૨૦૧૮-૧૯ નાં બીજા સત્રમાં પર્વતારોહણને લગતી ટુંકાગાળાની વિવિધ તાલીમ શિબિરો આગામી સપ્ટેમ્બર-૨૦૧૮ થી ફેબ્રુઆરી-૧૯ દરમ્યાન યોજવામાં આવનાર છે. જેમાં એડન્ચર ટ્રેનિગ કોર્ષ, બેઝીક ખડક ચઢાણ કોર્ષ, એડવાન્સ ખડક ચઢાણ કોર્ષ, કોચિંગ ખડક ચઢાણ કોર્ષની તાલીમ આપવામાં આવશે

## હવે ચૂંટણીઓમાં વોટ્સએપનો દુરુપયોગ નહીં થાય, શંકાસ્પદ એકાઉન્ટ થશે બ્લોક

### સરકાર સંતુષ્ટ થઇ નહોતી. ૧૯ જુલાઇના રોજ સરકારે ફરી પત્ર લખીને સખત પગલાં ભરવાની માગણી કરી હતી

**(એજન્સી) ન્યુ દિલ્હી,**

આવનારી ચૂંટણીઓમાં વોટ્સએપ દ્વારા અપશબ્દો ભરેલા રાજકીય નિવેદનો નહીં થવા દેવાય. કંપનીએ સ્પષ્ટ કરી દીધું છે કે તે ચૂંટણીઓ સમયે આ પ્રકારના સંદેશા પ્રસારિત કરનારા એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકતાં તેને બ્લોક કરી દેશે. આ અંગે ચૂંટણી આયોગ અને રાજકીય પક્ષોએ પ્રતિનિધિઓને જાણકારી આપી છે. ભારતની ચિંતાઓને જોતાં વોટ્સએપે અહીં પોતાના સ્થાનિક પ્રતિનિધિની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે. સરકાર તરફથી અફવાઓ અને ફેક ન્યૂઝ રોકવાના મુદ્દે મોકલાયેલી અન્ય નોટિસના જવાબમાં વોટ્સએપે કહ્યું કે પ્લેટફોર્મનો ખોટો ઉપયોગ થવાથી રોકવાના દરેક સંભવ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કર્ણાટક ચૂંટણીઓમાં આવા ઘણાં એકાઉન્ટની ઓળખ કરાઇ હતી જેનો વ્યવહાર અયોગ્ય હતો. એવા તમામ એકાઉન્ટ પર પ્રતિબંધ પણ મુકાયો હતો. ૨૭ જુલાઇના રોજ ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયને મોકલાયેલા પોતાના જવાબમાં વોટ્સએપના ડિરેક્ટર અને એસોસીએટ્સ જનરલ કાઉન્સિલ બ્રાયન હેન્સીએ લખ્યું છે કે ચૂંટણી આયોગ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વોટ્સએપ આ અંગે વાત કરી ચૂક્યું છે.ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયે આ પહેલાં ૩ જુલાઇના રોજ વોટ્સએપને પત્ર લખીને અફવાઓ ફેલાવનાર સંદેશાઓ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી. વોટ્સએપે ત્યાર બાદ કેટલાક પગલાં ભર્યાં હતાં, પરંતુ સરકાર સંતુષ્ટ થઇ નહોતી. ૧૯ જુલાઇના રોજ સરકારે ફરી પત્ર લખીને સખત પગલાં ભરવાની માગણી કરી હતી.અફવાઓ અને ચૂંટણીઓમાં વોટ્સએપના સંબંધિત દુરુપયોગને રોકવા અંગે સરકારે સતત વોટ્સએપ પર દબાણ કર્યું છે. બ્રાયને જવાબમાં કહ્યું કે તેમની સંસ્થા ચૂંટણીઓમાં વોટ્સએપના દુરુપયોગને લઇને સરકારની ચિંતાઓને સમજે છે. ચૂંટણી દરમિયાન અફવાઓ ફેલાવાથી લઇને અપશબ્દો દ્વારા છબી કરનારા સંદેશાઓની ચિંતા વધુ હોય છે.

## મોટર સાયકલની નવી સીરીઝનો પસંદગીનો નંબર ઇ-ઓક્શનથી મેળવી શકાશે

**(પ્રતિનિધિ) પાલનપુર,**

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, પાલનપુરની અખબારી યાદીમાં જણાવાયું છે કે મોટર સાયકલની નવી સીરીઝ જી.જે.૮ બી.એમ. માટે ૧ થી ૯૯૯૯ (ગોલ્ડન અને સીલ્વર નંબરો) ની ફાળવણી માત્ર ઓકશનથી જ કરવાની હોઇ પસંદગીનો નંબર ઇ-ઓક્શનથી મેળવવા માટે તા. ૧૩/૦૮/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૮ના રોજ નક્કી કરવામાં આવેલ છે. અરજદારે જે તે નંબર માટેની અરજી કરવા માંગતા હોય તેઓએ વર્ગીકૃત નંબર નક્કી કરી parivahan.gov.in પર ફેન્સી નંબર માટે ઓનલાઇન પ્રોસેસ કરવાની રહેશે. તેમજ ઇ-ઓકશન હરાજીની તા.૨૧/૦૮/૨૦૧૮ થી તા.૨૩/૦૮/૨૦૧૮ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી બિલ્ડીગ પ્રોસેસ કરી તા.૨૪/૦૮/૨૦૧૮ થી સીરીઝ શરૂ કરવામાં આવશે.

### નારી સંરક્ષણ ગૃહમાં દેહ વ્યાપાર કરાવવાનો ખુલાસો

## મુઝફ્ફરપુર કાંડ : દેવરિયામાં ૨૪ છોકરીઓને બચાવાઇ

**(પ્રતિનિધિ) દેવરિયા,**

બિહારના મુજફ્ફરપુર શેલ્ટર હોમની જેમ દેવરીયાના નારી સંરક્ષણ ગૃહમાં પણ દેહ વ્યાપાર કરાવવાનો ખુલાસો થયો છે. રવિવારે સાંજે સંરક્ષણ ગૃહમાંથી ભાગી ગયેલી એક છોકરીએ જ્યારે પોલીસને આ જાણકારી આપી તો હાહાકાર મચી ગઈ. પોલીસે રાત્રે જ સંરક્ષણ ગૃહ પર રેડ કરી તો, ૪૨માંથી ૧૮ છોકરીઓ ગાયબ હતી. પોલીસે ૨૪ છોકરીઓને મુક્ત કરાવી સંચાલિકા અને તેના પતિની ધરપકડ કરી છે.પોલીસ અધિક્ષક રોહન પી કન્વયે જણાવ્યું કે, મા વિંધ્યવાસિની મહિલા અને બાલિકા સંરક્ષણ ગૃહ નામના એન્જીઓના લીસ્ટમાં ૪૨ છોકરીઓના નામ નોંધાયેલા છે, પરંતુ જ્યારે રેડ કરવામાં આવી તો, માત્ર ૨૪ છોકરીઓ મળી આવી. બાકી ૧૮ છોકરીઓની શોધ કરવામાં આવી રહી છે. નારી સંરક્ષણ ગૃહ વિશે લાંબા સમયથી ફરિયાદ મળી રહી હતી.એસપીએ જણાવ્યું કે, બિહારના બેતિયા જીલ્લાની ૧૦ વર્ષની બાળકી મહા મુસીબતે સંરક્ષણ ગૃહમાંથી બહાર નીકળી મહિલા પોલીસ સ્ટેશન પહોંચી. તેણે અહીં સંરક્ષણ ગૃહની અનિમિતતા વિશે જણાવ્યું. બાળકીના જણાવ્યા અનુસાર, અહીં સાંજે ચાર વાગ્યા પછી કેટલાએ લોકો કાળા અને સફેદ રંગની કાર લઈ આવે છે અને મેડમને મળી છોકરીઓને લઈ જતા રહે છે, તે મોડી રાત્રે રોતા-રોતા પાછી ફરે છે. સંરક્ષણ ગૃહમાં પણ ખોટુ કામ થાય છે.એસપીએ જણાવ્યું કે, પોલીસે રાત્રે જ નારી સંરક્ષણ ગૃહમાં રેડ કરી. અહીંના રજિસ્ટરમાં અલગ-અલગ ઉંમરની ૪૨ છોકરીઓના નામ નોંધાયેલા છે. પરંતુ જ્યારે બધાની તપાસ કરી તો ૧૮ છોકરીઓ ગાયબ મળી. સંચાલિકા ગિરિજા ત્રિપાઠી અને પતિ મોહન આ મુદ્દે સંતોષકારક જવાબ આપી રહ્યા ન હતા. બંનેની ધરપકડ કરી લેવામાં આવી છે. આ મામલામાં માનવ તસ્કરી, દેહ વ્યાપાર અને બાળ મજૂરીની કલમો લગાવી ગુનો નોંધવામાં આવ્યો છે.

## એફજીઆઇ ટ્રાફિક વ્યવસ્થાની સુધારણામાં શહેર પોલીસને શકય હશે ત્યાં મદદરૂપ બનશે : એફજીઆઇ અદયક્ષ

**(પ્રતિનિધિ) વડોદરા,**



શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહજી ગહલૌતે એફજીઆઇના સૌજન્યથી મળેલા સીસીટીવીથી સુસજ્જ, હાઇડ્રોલીક ક્રેઇન ફેસીલીટી ધરાવતા અત્યાધુનિક ફોર વ્હીલર ટોઇંગ વાહનો સ્વીકાર કર્યો હતો અને આ વાહન ટ્રાફિકના વધુ ઇફેકટીવ મેનેજમેંટમાં શહેર ટ્રાફિક પોલીસને ખૂબ ઉપયોગી બની રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં, દાતા સંસ્થા એફજીઆઇને ધન્યવાદ આપ્યા હતા. શાસ્ત્રોકત પૂજનની સાથે પવિત્ર શ્રીફળ વધેરીને શહેર ટ્રાફિક પોલીસના એન્ફોર્સમેંટને વધુ પાવરફુલ બનાવતા આ વાહન 'પરફેક્ટ'ને વાહન કાફલામાં ઉમેરવામાં આવ્યુ હતું. ચાર પૈંડાવાળા વાહનોના આડેધર પાર્કિંગથી ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ સર્જાય છે એવી લાગણી વ્યક્ત કરતાં શહેર પોલીસ કમિશનરે જણાવ્યુ હતું કે અત્યાર સુધી શહેર ટ્રાફિક પોલીસ પાસે આવા વાહનોને વ્હીકલ લોક લગાવવા સિવાય, તેમને સલામત રીતે હટાવીને ટ્રાફિક કલીયર કરવાનો કોઇ વિકલ્પ ન હતો. આ વાહનથી નડતરરૂપ ફોર વ્હીલરને નુકશાન કર્યા વગર હટાવવાની સુવિધા મળી છે. દેશના તમામ મોટા શહેરોમાં ફોર વ્હીલર્સના ટોંઇગ માટે વપરાય છે તેવું જ અત્યાધુનિક આ વાહન છે. ટુંક સમયમાં વડોદરા મહાનગર પાલિકા પાસેથી આ પ્રકારના વધુ ૦૬ વાહનો મળવાના છે. તેના પગલે સુચારૂ ટ્રાફિક પ્રબંધનની ક્ષમતામાં વધારો થશે. વીટીઇટીના માધ્યમથી ટ્રાફિક પોલીસને આવા વધુ વાહનો મળે એવી શક્યતા ચકાસવામાં આવી રહી છે. શહેરી વિકાસની સાથે ટ્રાફિકની સમસ્યા પડકારૂપ બને છે એવી લાગણી વ્યક્ત કરતાં એફજીઆઇના અધ્યક્ષશ્રી નીતિન માંકડે જણાવ્યુ હતું કે ટ્રાફિક સમસ્યાના સુચારૂ નિરાકરણમાં શહેર પોલીસને સહાયક બનવું એ પ્રત્યેક નાગરિક/સંસ્થાની ફરજ છે, એ ભાવનાને અનુસરીને અંદાજે રૂ.૧૬ લાખની કિંમતના આ વાહનની શહેર પોલીસને એફજીઆઇએ સૌજન્ય સખાવત કરી છે. એફજીઆઇ ટ્રાફિક સમસ્યાના નિરાકરણ સહિત વિવિધ સમસ્યાઓના ઉકેલમાં શહેર પોલીસને શક્ય તેટલો સહયોગ આપશે એમ તેમણે જણાવ્યુ હતું.નાયબ પોલીસ કમિશનરશ્રી યશપાલ જગાણીયાએ એફજીઆઇના આ સૌજન્યને બિરદાવતાં જણાવ્યુ હતું કે શહેર પોલીસે ૦૯ જેટલાં ફોર વ્હીલર્સને ટો કરીને આ વાહનની અસરકારકતા અને ઉપયોગીતા ચકાસી છે. તેનાથી અમારી ટ્રાફિક મેનેજમેંટની ક્ષમતા વધશે. આ પ્રસંગે એફજીઆઇના નિયામક મંડળના શ્રી શિવિન્દરસિંહ ચાવલા, પ્રણવ દોશી, દિલીપભાઇ શાહ, વીટીઇટીનાશ્રી સૂર્યકાંત અમીન, એફજીઆઇના સેક્રેટરી જનરલશ્રી નિતેશ પટેલ, મેનેજીંગ કમીટીના સદસ્યો, એસીપી(ટ્રાફિક) અમીતા વાનાણી અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આદર્શ સમાજ માટે શિક્ષણ અનિવાર્ય પાસુ છે : કલેક્ટરશ્રી આર.જે.માકડીયા



**(પ્રતિનિધિ) મોરબી,**

રાજ્ય સરકાર દ્વારા મહિલા સશકિતકરણ ઉજવણી સંદર્ભે આજરોજ ''મહિલા શિક્ષણ દિવસ'' થીમ હેઠળ ટાઉન હોલ ખાતે થયેલ ઉજવણી પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી આર.જે.માકડીયાએ જિલ્લાની ઉપસ્થિત રહેલ શિક્ષિકા બહેનો જણાવ્યું હતું કે,આદર્શ સમાજ માટે શિક્ષણ અનિવાર્ય પાસુ છે. શિક્ષણ થકીજ સમાજનું ઉત્થાન થાય છે. તેમણે બહેનોને ફરજ નિષ્ઠાની સાથે શિક્ષણ આપવાના સમાજ ઉત્થાનનાકાર્યમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તેમજ આ પ્રસંગે નાયબ કલેકટરશ્રી દમંયતીબેન બારોટે મહિલા સશકિતકરણ, સ્વાવલંબન અને શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપી માહિતગાર કર્યા હતાં, જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ રમત ગમત વિશે ઉપસ્થિત બહેનોને વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.એન.દવે, જિલ્લા તિજોરી અધિકારીશ્રી કિર્તિબા વાઘેલા, મહિલા પોલીસ સ્ટેશન પી.આઇશ્રી અર્ચનાબેન રાવલ તથા જિલ્લાના અધિકારીશ્રીઓ અને શિક્ષિકા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.